R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 05 • PAGES : 28 • MUMBAI • DATE : 05TH JANUARY 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘ - મુંબઈ

## Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા




Wishing you all **Happy & Prosperous New Year**

Thanking all donors & well wishers for never ending support.

Omkar Tirth



Manilaxmi Tirth



# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

"મા" તમો પરમ યાત્રાએ અચાનક નીકળી પડ્યા.
"કોહીનુર હિરા" જેવો આ સંસાર
હરી ભરી લીલીછમ વાડી "ચંદ ક્ષણો" માં છોડીને ચાલ્યા ગયા.
તમારી ધડકન સમા પુત્રો-પુત્રવધુઓ
ચિ. સિધ્ધાર્થ - રેશ્મા, ચિ. દિપક-પૂજા ને નિરાધાર મૂકી ગયા,
પૌત્રા-પૌત્રીઓ અક્ષીતા-વીર-સ્તુતિ-સંયમ હૃદયથી રડે છે,
તમારી અણધારી વિદાયમાં,
"મા" તું તો પૂજા છે, તું દિપક છે, તું સ્વયંમ એક સ્તુતિ છે,
તમારા વિના આ મંદિર સૂનું છે.

તમારો શાંત સ્વભાવ, ધર્મમય જીવન, પરિવાર પ્રત્યેનો માતૃપ્રેમ, પ્રેમાળ સ્વભાવ અમોને હમેશાં યાદ રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા પાસે એજ પ્રાર્થના કે આપનો દિવ્ય આત્મા જ્યાં હોય ત્યાં તેને ચીર શાંતિ બક્ષે.

**–: શોકાતુર :–**

સાસુ-સસરા : **ગં.સ્વ. સ્વ. દેવકાંબાઇ શામજી પુંજા મૈશેરી પરિવાર,**
કોઠારા (વારાપધરવાલા), હાલ જલગામવાલાની પુત્રવધુ અને
માતા-પિતા : **ગં.સ્વ. સ્વ. કુસુમબેન ટોકરશી નાગડા પરિવાર,**
જખૌ (ધાવણગીરીવાલા), હાલ હુબલીવાલા ના સુપુત્રી

નિવાસ : **હિરાચંદ શામજી મૈશેરી**
૩૦૨, કે.ડી.ઓ. મેન્શાન, પ્લૉટ નં. ૨૨-૨૯, કુસુગલ રોડ, હેમંત નગર, કેશવપૂર,
હુબલી-૫૮૦ ૦૨૩ (કર્નાટક). ફોન : ૦૮૩૬-૨૨૮૧૮૦૨ મો.: ૮૨૭૭૧૭૫૮૫૨



## અ.સૌ. સ્વ. પ્રવિણાબેન
## હિરાચંદ શામજી મૈશેરી (ઉ.વ. ૬૩ વર્ષ)

ગામ : કોઠારા (વારાપધરવાલા), હાલ : હુબલી
જન્મ : તા. ૦૪-૦૭-૧૯૫૭
દેહવિદાય : તા. ૧૫-૧૨-૨૦૨૦

# ભાવભરી શ્રધ્ધાંજલિ...





વાત્સલ્યભાવથી પૂર્ણ કુટુંબને
લાગણીને તાંતણે બાંધનારા
આદર - આતિથ્ય ભાવથી
સહુ સાથે સુમધુર સંબંધ જાળવનારા
નામ પ્રમાણે નિર્મળ ભાવ રાખનારા
એવા અમારા પરિવારના પ્રેમાળ સદસ્ય
સ્વ. અ.સૌ. નિર્મળા નિરંજન મોમાયા ને
પરિવાર વતી પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
ભાવભરી શ્રધ્ધાંજલિ.

## સ્વ. અ.સૌ. નિર્મળા નિરંજન મોમાયા

જન્મ : ૨૧-૫-૧૯૪૩ • અરિહંત શરણ : ૪-૧-૨૦૨૦

લી. **માતુશ્રી રાજબાઈ કેશવજી વેલજી મોમાયા પરિવાર** (મસ્જિદબંદર - વરાડીયા)
**માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ શામજી ધુલ્લા પરિવાર** (નલીયા - ઘાટકોપર)

તંત્રી સ્થાનેથી

# સાયબર ક્રાઈમ વિકરાળ સમસ્યા



– ડૉ. હીરાચંદ દંડ - 7738508150

નવી ટેક્નોલોજીના પ્રતાપે ઓનલાઈન બેંકિંગ, ચૂકવણી માટેના વિવિધ એપ્સ, ઓનલાઈન શોપિંગ જેવી અનેક સુવિધાઓએ આપણા જીવનને સરળ તથા સગવડતાભર્યું બનાવી દીધું છે. હવે બેંકનો વ્યવહાર કરવા બેંકમાં જવાની જરૂર નથી તેને બદલે હાથમાંના મોબાઈલથી ઘેરબેઠા નાણાંકીય વ્યવહારો કરી શકાય છે. ખરદી કરવા માટે દુકાનોમાં જવાની પણ જરૂર નથી. તમે ઘેર બેઠાં જરૂરી વસ્તુનો ઓર્ડર આપી શકો છો તથા દુકાનથી સસ્તી કિંમતે એ મળી શકે છે. આપણે બધાએ ટેક્નોલોજીના માધ્યમથી નવી જીવનશૈલી અપનાવી છે. બધી જ ઉમરની વ્યક્તિઓ નવી ટેક્નોલોજી શીખી રહી છે તથા એના ઉપયોગમાં જોડાઈ રહી છે કારણ કે એ જરૂરી, ફરજિયાત કે પરિસ્થિતિવશાત બની ગયું છે.

પણ સુખની સાથે દુઃખ હોય જ, એવી રીતે સાયબર ક્રાઈમની ઘટનાઓ ભારતમાં દિવસે દિવસે વધી રહી છે અને છેતરાઈ ગયા પછી ગુનેગારોને પકડી શકવા આપણે અસમર્થ છીએ. સફેદ કોલર વાળા સાયબર ગઠિયાઓ આપણને ધોળે દહાડે છેતરી જાય છે અને મર્યાદિત પોલિસકર્મીઓ અને અધૂરી કાનૂની મદદના કારણે તેમને પકડવા મુશ્કેલ બને છે.

બધી જ બેંકો તેમના ગ્રાહકોને તેમનો પાસવર્ડ, OTP તથા અન્ય મહિતી કોઈને પણ ન કહેવા જણાવે છે, ગ્રાહકો પણ આ વાત સમજે છે પરંતુ વાઈટ કોલર ગઠિયાઓ ખૂબજ ચાલાકીપૂર્વક વાતોના વડા બનાવી, ગ્રાહકનો વિશ્વાસ જીતી લઈ, બધી માહિતી કઢાવી લે છે અને લોકોને મુર્ખ બનાવી આર્થિક નૂકશાનીમાં નાખે છે. તેઓ ખૂબજ આત્મવિશ્વાસથી વાતો કરી તમારો વિશ્વાસ મેળવી તમને તેમની છેતરપીંડીની જાળમાં સપડાવી લે છે. જેઓ ઓનલાઈન ધંધો કરવાવાળા વેપારીઓને પણ ચૂકવણીના નામે તેમની બેંકની માહિતી મેળવીને ફસાવવામાં આવે છે. એક વખત ગઠિયાઓ તમારી બેંકની માહિતી મેળવી લીધા પછી તેઓ વેપારીને QR કોડ મોકલી રકમ મેળવવા માટે QR કોડ સ્કેન કરવા વેપારીને કહે છે. QR કોડ સ્કેન કરતા જ તમારો મોબાઈલ હેક થઈ જાય છે અને તમારી બધી જ માહિતી ગઠિયા ગેંગને મળી જાય છે જે તમને લુંટી લે છે.

સાયબર ગઠિયાઓ છેતરપીંડી કરવા માટે અનેક પધ્ધતિઓ અજમાવે છે. એક વ્યક્તિને HDFC લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીના નામથી અલગ અલગ મોબાઈલ નંબર ઉપરથી છેલ્લા કેટલાક મહિનાઓથી ફોન આવતા હતા. આ સજજને HDFC ની કોઈપણ પોલિસી લીધી ન હતી છતાં પણ તેમને જણાવવામાં આવતું હતું કે વર્ષ ૨૦૧૨માં તમે પોલિસી લીધી હતી જેના પ્રિમીયમ તરીકે રૂા. ૫૦,૦૦૦/- ભર્યા હતા. એ પછી કોઈપણ પ્રિમીયમ ભર્યું નથી એટલે જો તમે એ પોલિસીને ફરીથી ચાલુ કરવા માંગતા હો તો બાકીનું પ્રિમીયમ તમારે ભરવું જોઈએ. તા. ૮-૧૨-૨૦૨૦ના રોજ તેમને મો.નં. 9873628207 ઉપરથી એક મહિલાનો ફોન આવ્યો. તેણે જણાવ્યું કે તમારી HDFC ની પોલિસી નં. 11453130 જેનું પ્રિમીયમ રૂા. ૫૦૦૦૦/- તમે વર્ષ ૨૦૧૨માં ભર્યું હતું તે પોલિસી રદ થઈ ગઈ છે અને તેનું રીફંડ રૂા. ૨૩૯૭૩૦/- તમને મળશે. આ માટે તમારે અમારી કંપનીના રીલેશનશીપ મેનેજર દિક્ષી નાગરને મો. નં. 9756578551 ઉપર ફોન કરવાનો છે. તે સજજને કોલ કરનારી મહિલાને જણાવ્યું કે આ સંપુર્ણ વિગત મને ઈ-મેઈલ દ્વારા મોકલાવો જેનો કોલ કરનારી મહિલાએ ઈન્કાર કર્યો. આપણે બધા જાણીએ છીએ કે પ્રિમીયમ ન ભરવાને કારણે રદ થઈ ગયેલી પોલિસીનું રીફંડ કોઈપણ વીમા કંપની નથી આપતી તેથી આટલી મોટી રકમ રૂા. ૫૦૦૦૦/- ના પ્રિમીયમ સામે રીફંડ તરીકે મળે એ પ્રશ્ન જ ઉભો નથી થતો.

પ્રિય વાચક મિત્રો, ઉપરોક્ત ઘટના વિશેની સંપુર્ણ માહિતી મેં વિગતવાર લખી છે એટલે તમને ધ્યાન આવે

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
પંકજ પ્રતાપ શાહ
કેશરસિંહ આણંદજી ખોના
શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૦૫, તા. ૦૫-૦૧-૨૦૨૧**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 /64 /65
E-mail : kdoprakash@gmail.com

સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત
રવિવાર અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 2508 4464 / 2508 4465**
**Mob.: 98211 54326**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## તંત્રી સ્થાનેથી....

*કે આ સાયબર લૂંટારાઓ સામાન્ય જનતાની પરસીનાની કમાઈ લુંટી લેવા કંઈ હદ સુધી જઈ અને તમને છેતરી શકે છે. સંભાળપૂર્વક રહો... જાગૃત બનો અને આર્થિક નૂકશાનીથી સ્વબચાવ માટે સતર્ક રહો અને જરૂરી સાવચેતી રાખો. થોડાંક હજાર રૂપિયાની તમારી થયેલી છેતરપીંડી માટે કોઈપણ સુરક્ષાકર્મીઓ મદદરૂપ નહિં થાય. તેઓ એમ પણ કહેશે કે રોજ હજારો લોકો આવી રીતે છેતરાય છે તેમાં અમે મદદ ન કરી શકીએ. આવી નાની રકમ એ આપણા માટે ખૂબજ મોટી હોઈ શકે છે કારણ કે એ મહેનતની કમાણી છે. સાવધાન રહો... સતર્ક રહો અને છેતરપીંડીથી બચો.*

## ભાર વિનાનું ભણતર

ઇ.સ. ૨૦૦૩ માં શ્રી મુકેશ માણેકજી લોડાયા, માંડવી (કોચીન)એ કેરાલા સ્ટેટ હ્યુમન રાઇટ્સ કમિશનમાં વિદ્યાર્થીઓના શારિરીક, માનસિક આરોગ્યના હિત માટે એક રીટ પીટીશન દાખલ કરી હતી તેને ચુકાદો વિદ્યાર્થીઓની તરફણમાં ઇ.સ. ૨૦૦૫માં આવ્યો. આ ચળવળને આગળ વધારી વિદ્યાર્થીઓ માટે ભણતર ભાર વિનાનું બને એ માટે શ્રી મુકેશભાઇ પ્રયત્નશીલ બન્યા.

ઇ.સ. ૨૦૨૦માં નવી એજ્યુકેશન પોલીસીમાં વિદ્યાર્થીને પોતાના શરીરના વજનના ૧૦ ટકાથી વધુ વજનનું દફતર ન લેવા તથા શાળામાં પીવા યોગ્ય પાણી મળી રહે એવી વ્યવસ્થાના અમલ માટે ભલામણ કરવામાં આવી છે. આમ શિક્ષણ પ્રેમી ક.દ.ઓ. શ્રી મુકેશભાઇના ભાર વિનાનું ભણતર માટેના પ્રયત્નો સફળ થયા છે.

## ડૉ. પ્રિયા પ્રવીણભાઇ મૈશેરી કોવિડ-૧૯ની રસીની ટીમમાં



**ડૉ. પ્રિયા પ્રવીણભાઇ મૈશેરીનું સકળ જૈન સમાજ, સરાફા એસોશીએશન રાયપુર તરફથી સન્માન કરવામાં આવ્યું**

નાની સિંધોડીના રાયપુર ખાતે રહેતા પ્રિયા પ્રવીણભાઇ મૈશેરી કોવિડ-૧૯ કે કોરોનાની રસી વિકસાવી રહેલી પૂણેની સીરમ ઇન્સ્ટીટ્યૂટની ટીમમાં છે. તેમના જણાવ્યા પ્રમાણે આ રસી ઓક્સફર્ડની રસી છે અને એના ક્લિનિકલ ટ્રાયલ પૂરા થઇ ગયેલા છે તથા ટૂંકમાં જ એની વ્હેંચણી શરૂ થવાની શક્યતા છે. આ રસીના ટ્રાયલમાં કોઇ પણ જાતની આડઅસર જોવા મળી નથી. આપણી જ્ઞાતિના વિજ્ઞાની ડૉ. પ્રિયા પ્રવીણભાઇ મૈશેરીએ ફાર્મસીમાં પીએચડી કર્યું છે. અને હાલ પૂણેની સીરમ ઇન્સ્ટીટ્યૂટમાં કોરોનાની રસી પર કામ કરી રહેલી ટીમના સભ્ય છે.

## ભુજ થી હૈદરાબાદ સીધી ટ્રેન સેવા માટે નિવેદન

સાબરકાંઠાના સંસદસભ્ય શ્રી દિપસિંહ રાઠોડ તથા ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મંત્રી શ્રી જયસિંહ ચૌહાણને મળીને ભુજથી હૈદરાબાદ સીધી ટ્રેન સેવા માટે રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશનના સભ્ય ભરત ભટ્ટે નિવેદન આપ્યું હતું.


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers


Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે. આપના સહકારની આશા છે.

# "જૈન ધર્મ મારી દ્રષ્ટિએ..." મણકો-૨૫



**લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**

(ગતાંકથી ચાલુ...)

મારા લેખ માટે અને ૬ આવશયકને વિધિપૂર્વક જાણવા માટે જેમ જેમ જૈન ધર્મનાં ગ્રંથોમાં ડુબકી લગાડું છું તો આ અગાધ સાગરમાં ઘણું અવનવું જાણવા મળે છે.

ગતાંકમાં બીજા આવશયકની ચર્ચા કરતાં ચતુર્વિંશતિ સ્તવ અને લોગસ્સ વિશે વિશેષ જાણકારી પ્રાપ્ત થઈ અને તેથી જરૂરી જણાતાં આ લેખમાં આમેજ કરવાની ઈચ્છા થઈ.

પ્રથમ આવશ્યક સામાયિકમાં પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થયેલો સાધક નિરવદ્યોગમાં પ્રવૃત્ત થવા માટે તથા સમભાવને સિદ્ધકરવા માટે અપૂર્વ ઉલ્લાસભાવે તીર્થંકરોની સ્તુતિ કરે છે.

અહીં મારા મનમાં એક શંકા જાગી કે જૈન ધર્મનો જે અણમોલ સુત્ર "નવકાર છે અને જેનો મહિમા પ્રકાશ સમીક્ષાના અંક નંબર-૧૦, દિનાંક ૨૦ ડિસેમ્બર, ૨૦૨૦માં સુશ્રાવિકા શિલ્પા અજાણીએ પણ (Being Jain હેઠળ) "દરરોજ એક નવકાર જીવનનો કરે જય જયકાર", નવકાર મહામંત્રનો મહિમાં વર્ણવ્યો છે. તે નવપદોમાં જે નમસ્કાર કરવામાં આવ્યા છે તેમાં કોઈ પણ તીર્થંકરોનો નામ ઉલ્લેખ ન હોવાથી અન્ય ધર્મોની સરખામણીમાં આપણે તે મંત્રને ઉચ્ચત્તમ મંત્રનું માન આપ્યું છે. અન્ય ત્રણ મુખ્ય ધર્મોમાંથી ઈસ્લામમાં "અલ્લાહ"ને અને ખ્રિસ્તી ધર્મમાં "ગોડ"નું જ સ્મરણ કરાય છે. ફક્ત હિન્દુ ધર્મમાં જ અનેક ભગવાન દેવ-દેવીનું સ્મરણ પુજન-કિર્તન કરવામાં આવે છે.

નવકાર મંત્રનાં વિશિષ્ટ રૂપને શ્રી નવસ્મરણનાં પ્રથમ સ્મરણમાં "પ્રથમ બુહદ્નમસ્કાર"ના શિર્ષક હેઠળ સમાવી લેવામાં આવ્યું છે. શ્રી વિધિપક્ષગચ્છીય શ્રાવકસ્ય પાક્ષિક પ્રતિક્રમણં વિધિસહિતનાં હેઠળ કુલ્લ નવસ્મરણ ઉમેરવામાં આવ્યાં છે અને તેમાં ૨૪ તીર્થંકરોનાં ગુણોનું આલેખન કરવામાં આવ્યું છે.

બીજા આવશ્યક એટલે કે ચતુર્વિંશતિસ્તવમાં પ્રથમ શબ્દ "લોગસ્સ" છે અને તે બોલવામાં સરળ હોવાથી આ સુત્ર-સ્તવને લોગસ્સ સુત્ર તરીકે ઓળખવામાં આવે છે. આ સુત્રનાં વિષયને અનુરૂપ ચતુર્વિંશતિસ્તવ, ચઉવિસત્યો, નામ સ્તવ ઈત્યાદિ નામો હોવા છતાં તે "લોગસ્સ"નાં નામથી વધુ પ્રચલિત છે. લોગસ્સ સુત્ર જૈનોનાં ચારેય ફિરકા (શ્વેતામ્બર, મુતિપુજક, સ્થાનકવાસી, તેરાપંથી અને દિગંબર)ને માન્ય છે. અને બધા ફિરકા એને પવિત્ર સુત્ર તરીકે સ્વીકારે છે.

વધુ વિચાર કરતાં "નવકાર મંત્ર"નું મનમાં પૃથ્થકરણ કરતાં એ મંત્રમાં રહેલી વિશાળતા, નમ્રતાનો ભાવ અનુભવવા મળ્યો જે અદ્વિતિય છે.

જૈન દર્શન પ્રમાણે બધા તીર્થંકરો અર્હત હોય છે. સર્વઘાતી કર્મોનો ક્ષય કરી આત્માનાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ અને વીર્ય પ્રગટ કરી પૂર્ણ વીતરાગતાને સર્વજ્ઞતાને પ્રાપ્ત કરે છે અને તેથી તેઓ પ્રશમરસથી ભરપુર અને પુર્ણાનોમય હોય છે.

દરેક તીર્થંકરનાં જીલન કવન તપ ઈત્યાદિનું વિશિષ્ટ અધ્યયન કરીએ તો તેઓ પ્રેરણાસ્રોત હોય છે અને તેથી જ તેમનામાં રહેલી વિશેષતાઓની ભક્તયાચના કરે છે કે "મારા આત્મા"માં પણ આવી વિશેષતા પ્રગટે અને તેથી જ ગૃહસ્થો અને સાધુ-સાધ્વી સમુદાય માટેની ઘણી ધાર્મિક ક્રિયાઓમાં ધ્યાનમાં મગ્ન થઈ દુનિયાની આદિ-ઉપાધિથી દુર થઈ "કાઉસગ્ગ" કરવાનું વિધાન છે. અને આમાં મુખ્યત્વે લોગસ્સનો કાઉસગ્ગ કરાય છે.

ધ્યાનથી કરેલું કાઉસગ્ગ બીજા આવશ્યક પ્રમાણે આપણને એક અનોખી સાધના તરફ દોરી જાય છે, પણ... મનને ધ્યાનમાં કેળવવું પડે છે... વિચારોથી મુક્ત કરવું પડે છે.

લગભગ દરેક ધર્મમાં ધ્યાનસ્થ થઈ, દુન્યવી વિચારોનાં આક્રમણથી દુર રહી સાધના કરવાની હોય છે. મારા માટે એ સાધના ઘણી વખત અશક્ય જ થઈ છે...! **આપના માટે કેટલી શક્ય છે?**

આ લેખ તૈયાર કરતી વખતે વડોદરાના શ્રી પ્રવિણ ભારમલ લોડાયાનો મારા ઉપર પુસ્તક સમણસુત્તં બાબતમાં ફોન આવ્યો અને આ પુસ્તકનો પાશ્ચાદ ઈતિહાસ અને પોતાની ભુમિકા વિષે વિચારો દર્શાવ્યા. મેં વિનંતી કરી છે કે એ જાણકારીનું આલેખન કરી પ્ર.સા.માં મોકલી આપે. ચાલો રાહ જોઈએ...

ઉપર દર્શાવેલ મારા વિચારો છે અને જિનઆજ્ઞા જ નહીં પણ કોઈપણ ધર્મનાં મુળભુત સિદ્ધાંતોથી વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો તે મારી અજ્ઞાનતા છે, તેથી માફ કરશો... આ લેખને તૈયાર કરવામાં પુસ્તક "સમણસુત્તં" અને "પ્રબુદ્ધ જીલન" (અંક નંબર ૫-૬, ૨૦૧૫)માં પ્રસિદ્ધ થયેલ ડૉ. રશ્મિ ભેદાનાં લેખ "બીજું આવશ્યક : ચતુર્વિંશતિસ્તવ"નો સહારો લીધેલ છે. (વધુ આવતાં અંકે...)

# મળવા જેવા માણસ...

## શ્રીમતી ફાલ્ગુની હિરેન કુંવરજી નાગડા, નલીયા-અમદાવાદ



આપણી જ્ઞાતિની અનેક બુધ્ધિશાળી દિકરીઓ એ આંતરજ્ઞાતીય લગ્ન કર્યા છે. તેવી જ રીતે અન્ય જ્ઞાતિઓની ઘણી બધી દિકરીઓ આપણી જ્ઞાતિની પુત્રવધુઓ બની છે, તથા તેમણે આપણી જ્ઞાતિને વિવિધ ક્ષેત્રે અનેરી ઊંચાઇ અપાવી છે અને આજે આપણે તેમના માટે ગર્વ અનુભવીએ છીએ. તાજેતરમાં હું બહુમુખી પ્રતિભા સંપન્ન સન્નારી ફાલ્ગુની હિરેન (શ્રીમતી ચંદનબેન કુંવરજી પાશ્વીર નાગડા, નલીયા-અમદાવાદવાલાના પુત્રવધુ)ના પરિચયમાં આવ્યો.




ફાલ્ગુની હિરેન નાગડા શ્રીમતી ચંદ્રિકાબેન તથા ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા (નાની ખાવડી)ના સુપુત્રી છે. તેમનો જન્મ મોરબીમાં થયો પણ ઉછેર અને શિક્ષણ અમદાવાદ ખાતે થયું. અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજમાંથી સાયકોલોજી સાથે એમ.એ. કર્યું. તેઓ સીતાર વાદન તથા ફ્રેંચ ભાષા પણ શીખ્યા છે. એટલું જ નહિં તેમણે ઓડીશી નૃત્યમાં પણ વિશારદની પદવી પ્રાપ્ત કરેલી છે. ફાલ્ગુનીબેન ૨૧ ડિસેમ્બર ૧૯૮૮ના અમદાવાદ દૂરદર્શનમાં ન્યુઝ રીડર તરીકે જોડાયા છે જ્યાં આજ દિવસ સુધી કાર્યરત છે. જે ભારતભરમાં સમાચાર વાચક તરીકેની સૌથી લાંબી કારકિર્દી છે. ભાતરભરમાં સમાચારવાચક તરીકેની શ્રેણીમાં તેમની આ લાંબી અતૂટ કારકિર્દીની નોંધ લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં લેવાઇ છે. ફાલ્ગુનીબેને ભારતના સ્વ. પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયી, વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી, ભારતના રાષ્ટ્રપતિશ્રીઓ તથા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીઓના કાર્યક્રમોમાં ભાગ લીધો છે.

સેન જોસ યુનિવર્સિટી કેલિફોર્નિયામાંથી ભારતીય સંસ્કૃતિ અને ભારતીય નૃત્યો વિશે પ્રવચન આપવા ફાલ્ગુનીબેનને નિમંત્રવામાં આવ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા આયોજિત થતા વાઇબ્રન્ટ ગુજરાત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નિર્ણાયક મંડળમાં તથા વિવિધ સમાજીક - સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા યોજાતા નૃત્યની સ્પર્ધાઓમાં પણ નિર્ણાયક તરીકે તેમણે સેવાઓ આપી છે. ફાલ્ગુનીબેને જણાવ્યું કે, ''મારા માતુશ્રી પણ અમદાવાદ કચ્છી સમાજમાં સક્રિય હતા તથા મંગલ મંદિર મેગેઝીનના તંત્રી તરીકે પણ સેવા આપી હતી. તેમણે જ મને જે ગમે તે શીખવા માટે પ્રોત્સાહન આપ્યું. હું એન.સી.સી.માં સક્રિય હતી અને મારી શાળાની ટીમની લીડર હતી. મે ગ્લાઇડર ફ્લાઇંગની તાલીમ પણ લીધી છે. મારા પરિવારના કાર્ય માટેના મારા વિદેશ પ્રવાસને કારણે હું પાઇલટનું લાઇસન્સ મેળવવાનું ચુકી ગઇ હતી.''

**પ્ર.સ.: આપના સંગીત અને લોકનૃત્યના શોખ વિશે તથા ખાસ તો ફોક ડાન્સ એકેડેમી 'સ્પંદન' વિશે જણાવશો ?**

**એફ :** સંગીત અને નૃત્ય મારૂં જીવન છે. દરેક દિવસે હું એ માટે કંઇક નવું શીખવાનો પ્રયાસ કરૂં છું. મેં કચ્છના બન્ની વિસ્તારની સંસ્કૃતિ અને લોક ગીતો વિશે જાણવા ત્યાં અનેક મહિનાઓ વિતાવ્યા છે. લોકનૃત્ય અને લોક ગીતો હાથો હાથ આગળ વધે છે. એની શાળાઓ નથી હોતી. સ્પંદન દ્વારા આહિર કોમના લોકગીતો ઉપર આધારિત નૃત્ય નાટિકા (વ્રજ-વાણી) ૨૦૦૯માં રજુ કરવામાં આવી હતી અને એજ વાર્તાને રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો' માં દર્શાવાઇ છે.

ભારતના સમૃધ્ધ સંસ્કૃતિ અને કલા વારસાને પ્રદર્શિત કરવાના પ્રયાસ રૂપે ઇ.સ. ૧૯૮૭માં મારા પતિ હિરેનના સાથથી મેં 'સ્પંદન'નો પ્રારંભ કર્યો. 'સ્પંદન' એટલે હૃદયનો ધબકાર, અને સંસ્કૃતિ માટેનો પ્રેમ જે હૃદયના ધબકાર જેટલો સતત અને શુધ્ધ હોવો જોઇએ. સ્પંદન લોકકલા તથા નૃત્યોને સમર્પિત કાર્યક્રમો માટે તથા લોકનૃત્ય, બેલે,નાટક, સંગીત, ફિલ્મ તથા મનોરંજક કાર્યક્રમો માટે વિશેષ રીતે પ્રવૃત્ત છે. અત્યારે વડોદરા તથા સુરત ખાતે પણ 'સ્પંદન'ની શાખાઓ છે.

લોકનૃત્ય તથા સંગીતના પ્રચાર-પ્રસાર માટે તથા રજુઆત દ્વારા લોકોનો પ્રેમ આદર લોકકલાઓને મળે તે માટે મેં ૨૦ થી વધુ યુરોપિયન દેશોની મુલાકાત લીધી છે. 'સ્પંદન' દ્વારા યુરોપના દેશોમાં લોકનૃત્ય-ગીત માટે તાલીમ શિબીરો પણ આયોજિત કર્યા છે.

**પ્ર.સ.: સ્પંદન દ્વારા કોઇ લોકનૃત્ય-ગીત હરિફાઇ આયોજીત કરી છે ? અન્યો દ્વારા આયોજીત આ પ્રકારની હરિફાઇઓમાં ભાગ લીધો છે અને ઇનામો જીત્યા છો ?**

**એફ :** અમે ક્યારેય હરિફાઇમાં ભાગ નથી લીધો. અમોએ હમેશા બિનહરિફાઇ વિભાગમાં જ ભાગ લીધો છે. હું

દઢપણે માનું છું કે લોકનૃત્યોમાં ભાગ લેવો એ આત્મ સંતોષનો વિષય છે, ઇનામ અકરામનો નહિં.

**પ્ર.સ.: આપને અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે. એમાંથી ક્યો એવોર્ડ શ્રેષ્ઠ ગણો છો ?**

**એફ :** મારા સાસુમાએ મને હંમેશા દિકરી ગણી એ મારા માટે સર્વશ્રેષ્ઠ એવોર્ડ ગણું છું. એવી જ રીતે મારા સસરાજીના કાકી શ્રીમતી મીઠીબાઇ જેઠાભાઇ ખીંયરાજ નાગડા, નલીયા (કોચીન) તેમની આંખના મોતિબિંદુના ઓપરેશન વખતે અમારે ત્યાં રહ્યા હતા ત્યારે તેઓ મારી સેવાથી ખુશ થયા અને તેમણે મારા સસરાજીને પત્ર લખી મારી પ્રશંસા કરી હતી. આ પત્ર પણ મારા માટે ખૂબજ મોટો પુરસ્કાર છે. મને ખુશી છે કે હું મારા પરિવારના વયોવૃધ્ધ વડીલોની સેવા કરી શકી, તેમના આશિર્વાદ મેળવી શકી. જે મેં મેળવેલા ઇનામો તથા એવોર્ડથી અધિક મૂલ્યવાન છે.

**પ્ર.સ.: આપની ભવિષ્યની યોજના શું છે ?**

**એફ :** હું આવનારી પેઢીને ભારતીય સંસ્કૃતિ તથા સમૃધ્ધ કલા વારસો શીખવવા તથા તેમને ભારતની સંસ્કૃતિ માટે ગૌરવપ્રદ બનાવવા માંગુ છું. મેં અનેક વ્યક્તિઓને તાલીમ આપી છે અને આ યાત્રા આગળ વધારવાની ઇચ્છા છે.

**પ્ર.સ.: તમે કે.ડી.ઓ. જ્ઞાતિમાં કમ્ફર્ટેબલ છો ?**

**એફ :** અમદાવાદમાં લાંબા સમયથી કેડીઓ, કેવીઓ અને અન્ય કચ્છી સમાજો એકત્રિત રીતે કાર્ય કરે છે એટલે હું બાળપણથી અનેક કેડીઓના પરિચયમાં છું. એટલે મને એડજેસ્ટમેન્ટ માટે કોઇ તકલીફ ન થઇ. શાબ્દિક બોલચાલમાં થોડો ઘણો ફરક હોય પણ એ સંભાળી લેવાય. આપણા પરિવારના સભ્યો બરાબર હોય તો કોઇ જ તકલીફ ન થાય. મારા સાસુમા સ્વ. ચંદનબેન ખૂબજ પ્રેમાળ અને લાગણીશીલ હતા. તેમણે મને ઘરની અનેક જવાબદારીઓમાંથી મુક્ત રાખેલા હતા. એટલે જ હું આટલી બધી પ્રવૃત્તિઓ કરી શકી. એવી જ રીતે મારા પતિ હિરેને પણ મને હંમેશા ટેકો આપ્યો.

**પ્ર.સ.: પ્ર.સ.ના મહિલા વાચકો માટે આપનો સંદેશ ?**

**એફ :** દરેક મહિલાએ સૌપ્રથમ પોતાના પરિવારની જવાબદારીઓ નિભાવવી જોઇએ તો જ તમને અન્ય પ્રવૃત્તિઓ માટે પરિવારનો સાથ સહકાર મળી રહેશે. એટલે પરસ્પર સહયોગ ખૂબજ જરૂરી બાબત છે. ફક્ત મહિલાઓ જ ઘરના કામની સાથે સાથે નોકરીની જવાબદારી નિભાવી શકે છે. એજ છે ખરી 'નારી શક્તિ'

**પ્ર.સ.: આપનો ખૂબ ખૂબ આભાર તથા શુભેચ્છાઓ.**

**- ડૉ. હીરાચંદ દંડ**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

KDO દશાઓની નવી દિશા

શ્રી અનંતનાથજી મહાજન જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,
શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ-૪૦૦ ૦૦૯. • ફોનઃ ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯

### અસાધારણ સામાન્ય સભા

તા. ૦૪-૦૧-૨૦૨૧

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ ની એક અસાધારણ સામાન્ય સભા સંવત ૨૦૭૭ ના પોષ સુદ ૫ ના રવિવાર તા. ૧૭-૦૧-૨૦૨૧ ના બપોરના ૨.૦૦ કલાકે જવેરબેન પોપટલાલ સભાગૃહ ઘાટકોપર ઈસ્ટ મધ્યે, નીચે દર્શાવેલ કાર્યસુચી પર સભામાં ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.

**કાર્યસુચી :** (૧)ગત તા. ૨૦-૧૧-૨૦૧૯ ની સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી. (૨) શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા તા. ૨૫-૧૧-૨૦૨૦ ના આવેલ પત્ર ના અનુસંધાનમાં 'કસ્તુરી -પદમ' બેન્કવેટ (ઐરોલી વાડી) ના કામ પૂર્ણ કરવા બાબત. (૩) ભાંડુપ અનંત સિધ્ધિ ના રીડેવલ્પમેન્ટ માટે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા તા. ૨૫-૧૧-૨૦૨૦ ના આવેલ પત્ર બાબત. (૪)શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો ના ટ્રસ્ટ બોર્ડ નો કાર્યકાળ ૨૦૨૦-૨૦૨૫ (પાંચ વર્ષનો કાર્યકાળ) છે. જો અનંત સિધ્ધિ ના રીડેવલ્પમેન્ટ નો નિર્ણય લેવામાં આવે, તો તે પરિસ્થિતિમાં ટ્રસ્ટ બોર્ડ નો કાર્યકાળ આ અનંત સિધ્ધિ રીડેવલ્પમેન્ટ ના કામ પૂર્ણ થાય ત્યાં સુધી વધારવા બાબત. (૫) શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા, જ્ઞાતિના હિત લક્ષી એક સંસ્થાના પ્લોટનું જ્ઞાતિના ઉત્કર્ષ માટે ડેવલપમેન્ટ કરવા બાબત. (૬) પ્રમુખશ્રી ની મંજુરીથી કે તેમના દ્વારા જે કાંઈ રજુઆત થાય તે.

એજ લિ. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વતી ચેતન મેઘજી મોતા** અને **રાજુલબેન ભદ્રેશ પટેલ** (માનદમંત્રીઓ)

**નોંધ :** (૧) સભાના મુકરર થયેલ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨(૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે. (૨) મુલત્વી રહેલી સભામાં કાર્યસુચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી બીજા કોઈ પણ કાર્યો હાથ ધરી શકાશે નહિ. (૩) સભામાં અને સભા સ્થળે સોશિયલ ડિસ્ટન્સીગ અને માસ્ક પહેરવું ફરજીયાત રહેશે.

સમય
પ્રવાહ

# લોકતંત્રનું એક અનિવાર્ય અનિષ્ટ – ચૂંટણી
## ભાગ ૨ સામાજીક

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા–સુરત
મો. 9978903247



સતત સંપર્કના કારણે ચૂંટણી અને રાજકારણ એ મોટા ભાગના ભારતીયોના જીવન, વ્યવસ્થા અને સ્વભાવના અભિન્ન અંગ થઇ ગયા છે, અને સમાજ પણ તેનાથી અલિપ્ત ના રહી શકે. કોઈ પણ સંસ્થા કે સંગઠન ચલાવવા માટે આયોજક કે કારોબારી સમિતિ હોય છે; જે સંસ્થા કે સંગઠનના ઉદ્દેશ, હેતુ, નીતિ, નિયમો, વ્યાપ કે વિસ્તાર અને બંધારણ નક્કી કરે છે; તે ઉપરાંત સંસ્થાના ઉદ્દેશોને સિધ્ધ કરવા માટે કાર્યકર્તાઓની ટીમની જરૂરત પડે છે, જેઓ સંસ્થાના બંધારણને વફાદાર રહીને તેમાં નક્કી કરેલ નિયમો પ્રમાણે કાર્ય કરે. ખાસ કરીને જે સંસ્થામાં તેના દાયરામાં આવતા સભ્યો કે સદસ્યોની સંખ્યા વધારે હોય ત્યાં ઔપચારિક કાયદા કે નીતિ નિયમોની જરૂરત પડે છે; જેથી કારોબારીના સભ્યો પોતાની મરજી પ્રમાણે નહીં, પણ બંધારણ પ્રમાણે સંસ્થાને ચલાવે અને તે રીતે જયારે નવી કારોબારી ચૂંટાઈને બહુમતીથી કે ચૂંટણી વગર સહમતીથી કાર્યભાર સંભાળે ત્યારે સંસ્થાની કાર્યવાહી કોઈ પણ જાતના વિધ્ન કે તકલીફ વગર અને સંસ્થાના મૂળભૂત કે નક્કી થયેલા ઉદ્દેશોમાં બાંધછોડ કે પરિવર્તન કર્યા વગર કાર્ય કરી શકે. આ રીતે સંસ્થાના ઉદ્દેશોની પ્રાપ્તિ કે સિદ્ધિ માટે જરૂરી સાતત્ય માન્ય નિયમો અનુસાર જળવાયેલું રહે.

રાજકીય વ્યવસ્થામાં મોટા ભાગે સતાધારી પક્ષ અને વિરોધ પક્ષ કે પક્ષો પણ હોય છે, જે સતાધારી પક્ષની નીતિ કે નવા કાયદા જો જનતા જનાર્દનના હિતમાં ના લાગે અને બંધારણ પ્રમાણે ના હોય તો તેનો વિરોધ કરીને જરૂરી સુધારા કરાવે અથવા જે તે ખરડાને કાયદો બને તે પહેલાં નાબૂદ કરવા કોશિશ કરે. એટલે રાજકીય વ્યવસ્થામાં સબળ વિપક્ષ પણ જરૂરી છે; નહીં તો લોકશાહીના સ્થાને સામ્યવાદી દેશોમાં જે રાજકીય વ્યવસ્થા ચાલે છે, તે એકપક્ષીય રાજકીય વ્યવસ્થાનો ઉદય થાય છે અને જ્યાં વિપક્ષ કે વિરોધ નહીં હોવાથી જે તે પક્ષના વડા સરમુખત્યાર જેવા બની જાય છે. ઉદાહરણ તરીકે રશિયામાં પુતિન, ચીનમાં શી જિન-પિંગ, અને ઉત્તર કોરિયામાં કિમ જોન્ગ-ઉન એ લગભગ આજીવન રાષ્ટ્રના વડા રહે તેવી હાલમાં પરિસ્થિતિ છે; અને આ દેશોમાં જનતા જનાર્દનની હાલત કેવી છે, તે સમાચારના ‘બ્લેક આઉટ’ના કારણે બહાર નથી આવતી. આ સ્થળે એક પ્રખ્યાત અંગ્રેજી કહેવત Power corrupts and absolute power corrupts absolutely યથાયોગ્ય લાગે છે .

મોટાભાગે સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં ચૂંટણી થતી નથી, અને સહમતીથી કારોબારી કે વ્યવસ્થાપક સમિતિ નક્કી કરવામાં આવે છે; જેમાં ઓળખાણ કે વગ અને આર્થિક સ્થિતિ એ મહત્વનો ભાગ ભજવે છે, અને જેમાં ઉમેદવારોની યોગ્યતા માટે કોઈ ધારા ધોરણ હોતા નથી. તે ઉપરાંત મોટાભાગની સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં બંધારણ કે માન્ય નીતિનિયમો પણ નથી હોતા અને મોટાભાગના કાર્યો કે કાર્યક્રમો કારોબારી કે વ્યવસ્થાપક સમિતિની સહમતીથી કે કેટલીક વાર કોઈ એક કે વધારે વગદાર કાર્યકારી સમિતિના સદસ્યની મરજી કે ઈચ્છા પ્રમાણે મનસ્વી રીતે પણ થાય છે, અને જે માન્ય પ્રથા કે નીતિ પ્રમાણે ના પણ હોય. ઉદાહરણ તરીકે જૈન સંસ્થામાં રાત્રી કાર્યક્રમ અને ભોજન કે અજૈન કે અભક્ષ્ય ભોજનનું આયોજન, જે અસામાજિક કે ગુનાહિત નથી પણ સંસ્થાના માન્ય ઉદેશથી વિરુદ્ધ છે. કોઈ કોઈ જૈન સોશીઅલ ગ્રૂપોમાં આવું જોવા મળે છે. કેટલીક વાર પર્યટન કે પિકનિકના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવે છે, જેમાં પણ બહુ છૂટછાટ લેવામાં આવે છે. મોટા ભાગના સામાજિક કે ધાર્મિક સંગઠનોમાં રાજકારણ જરૂર રમાય છે પણ માન્ય વિરોધપક્ષ નથી હોતો; કારણકે વિરોધ કરવો એ વિદ્રોહ બરાબર મનાય છે અને તે ઉપરાંત બહુધા આવા સમૂહમાં જાગૃત સભ્યો અલ્પ સંખ્યામાં હોય છે તેથી મોટાભાગે તેઓ તીવ્ર વિરોધ કરવાનું ટાળે છે. કેટલીક વાર કોઈ કોઈ સંસ્થાઓમાં બંધારણ હોવા છતાં પણ કેટલાક કારોબારી સભ્યો અજ્ઞાનતા, અભિમાન કે મોટાઈ દેખાડવાના કારણે મનસ્વી રીતે કાર્ય કરે છે, પણ સંસ્થામાં વિખવાદ ના થાય તેવા ઉદેશથી મોટા ભાગે સમૂહના સભ્યો આવા વર્તનને સહન કરી લે છે. કેટલીક વાર જાગૃત સભ્યો આંખ આડા હાથ કરે છે અને આ પ્રક્રિયાના લીધે સંસ્થામાં શિથિલતા આવી જાય છે; અને જે કેટલીક વાર આગળ જતાં આંતરિક કલહનું કારણ પણ બને છે, તેથી સામાજિક કે ધાર્મિક સંસ્થાઓ ચલાવવા માટે ઠરેલ, જાગૃત, સંનિષ્ટ અને અનુભવી કારોબારી સભ્યો હોવા જરૂરી છે.

આપણી ક.દ.ઓ.જૈન જ્ઞાતિના મુંબઈ મહાજનની

વ્યવસ્થાપક સમિતિના સભ્યોની અને અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની દર પાંચ વર્ષે થતી ચૂંટણી એ સામાજિક તેમજ પ્રાદેશિક ચૂંટણી છે. તેજ પ્રમાણે ડોમ્બિવલી મહાજનની ચૂંટણી જે માર્ચ ૨૦૧૯માં થવાની હતી પણ કોરોનાના કારણે મુલતવી રહી તે પણ આ જ પ્રકારની ચૂંટણી ગણી શકાય. વર્ષ ૨૦૧૯ના ડિસેમ્બરમાં થયેલ ચૂંટણી અગાઉની ચૂંટણીઓ કરતાં થોડી અલગ પડી. આ ચૂંટણીને એક 'મોડલ' ચૂંટણી બનાવવા માટે પ્રકાશ સમીક્ષાના ટ્રસ્ટના સદસ્યો અને ખાસ કરીને મુખ્ય તંત્રી શ્રી હીરાચંદભાઈએ સારી એવી મહેનત કરેલ. સૌ પ્રથમ ચૂંટણીમાં ઉભેલા ઉમેદવારોના ટૂંકમાં ફોટા સાથે પરિચય અને તેઓ ક્યા ઉદેશથી કે હેતુથી ચૂંટણી લડવા માંગે છે તે વિગતોને પ્રકાશ સમીક્ષામાં પ્રસિદ્ધ કરેલ જે સરાહનીય કાર્ય છે. મારું એક અંગત મંતવ્ય છે કે આ વિગતમાં ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને હાલના વ્યવસાયને સાંકળીને આ પ્રથા આગામી દરેક ચૂંટણીઓમાં સામેલ કરવી જોઈએ. તે ઉપરાંત એકાદ બે વિવાદાસ્પદ બાબતો જેમકે શાહ અટકનો ઉમેદવારી પત્રકમાં ઉલ્લેખ જે વસ્તી પત્રકમાં નોંધાયેલ અટક કરતાં અલગ હોવાના કારણે કોઈ ઉમેદવારનું ઉમેદવારી પત્રક રદ્દ થયેલ અને અન્ય જ્ઞાતિમાં પરણિત જ્ઞાતિની નિયાંણી બહેનોના મતદાન કરવાની યોગ્યતા અંગે પણ દુવિધા થયેલ. આ બંને બાબતો નીતિ કે નિયમ આધારિત છે તેથી ભવિષ્યમાં આવા થોડા પણ અપ્રિય કે વિવાદસ્પદ બનાવ ના બને તે માટે કાંતો બંધારણમાં સુધારા કરવા પડે અથવા ઉમેદવારો અને મતદારોએ જાગૃતિ દાખવવી પડે. ચૂંટણી પૂર્ણ થયા બાદ આ બંને બાબત પ્રકાશ સમીક્ષામાં ચૂંટણી વ્યવસ્થા અધિકારીઓ દ્વારા જે બંધારણ હેઠળ આ ચૂંટણી થયેલ તેની નિયમાવલી, નિયમ કે કલમ ટાંકીને કરેલ યોગ્ય અને સંતોષજનક ખુલાશો પણ તેટલો જ અનુમોદનીય છે. તે ઉપરાંત દરેક મતદાન કેન્દ્ર પર કેટલું મતદાન થયું અને જે તે મતદાન કેન્દ્ર પર સ્વયં સેવક તરીકે સેવા આપનાર ઉત્સાહી અને સેવાભાવી કાર્યકરોની યાદી પ્રસિદ્ધ કરીને તેમના કાર્યની નોંધ લીધી જે અત્યંત પ્રશંસનીય કાર્ય છે.

મારી સ્મૃતિના આધારે લખું છું કે વર્ષ ૨૦૦૯માં થયેલ ચૂંટણીમાં લગભગ ૩૨% જેટલું મતદાન થયેલ, જે છેલ્લી ચૂંટણીમાં ૪૩% જેટલું થયું. તારીખ ૫ જાન્યુઆરી ૨૦૨૦ના પ્રકાશ સમીક્ષાના તંત્રી લેખમાં આ ઓછા મતદાનના કારણ તરીકે વર્ષ ૨૦૦૯ની ચૂંટણીમાં સફળ થયેલ અનંતનાથ પેનલના લગભગ નિશ્ચિત પુનરાગમનની પ્રબળ શક્યતાને રજુ કરવામાં આવેલ. આ પરિસ્થિતિને હાલની અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામ સાથે સરખાવી શકાય કે 'બહુમતી જરૂર મળી છે પણ સ્પષ્ટ જનાદેશ નથી મળ્યો'. આ છેલ્લી બે મહાજનની સામાજિક ચૂંટણીના મતદાનનું પ્રમાણ જોતાં એવું તારણ કાઢી શકાય કે મતદારો આ ચૂંટણીની વ્યવસ્થા અને અથવા ઉમેદવારોની પસંગીથી ખુશ નથી; અથવા સામાજિક વ્યવસ્થામાં ચૂંટણી જેને રાજકીય વ્યવસ્થા માનવામાં આવે છે તે સ્વીકાર્ય નથી. બંને ચૂંટણીઓમાં ૫૦% કરતાં પણ ઓછું મતદાન એ ચૂંટણીની બહુમતીની માન્ય પ્રથા એટલે કે ૫૦% કરતાં વધારે માટે પ્રાપ્ત કરનાર જીતે તેને પણ પરિપૂર્ણ નથી કરતી. મતદારોની આ ઉદાસીનતા કે નિષ્ક્રિયતા જોતાં લાગે છે કે સામાન્ય જ્ઞાતિજન જે આ ચૂંટણીના મતદાર છે તેઓ આ ચૂંટણી બાબત બહુ ઉત્સાહિત નથી. મારા વિચાર પ્રમાણે જયારે ચૂંટણીનું પરિણામ લગભગ નિશ્ચિત હોય ત્યારે મતદાતાઓનો ઉત્સાહ ઓછો થઇ જાય છે અને તેના કારણે મતદાનનું પ્રમાણ ઓછું થઇ જાય છે. એક પ્રચલિત શબ્દ છે 'મતલબ' જેના ઘણા અર્થ થાય છે; અને જેનો એક અર્થ હેતુ કે પ્રયોજન પણ થાય છે, જેને મત સાથે થોડો સંબંધ હોઈ શકે; કારણકે મતદાન કરવા માટે કોઈ હેતુ કે પ્રયોજન હોવું જોઈએ, જેને અંગ્રેજીમાં 'મોટિવેશન' કહે છે, એટલે જો મતદાતામાં મતદાન માટે કોઈ જોરદાર હેતુ હોય તો મતદાનનું પ્રમાણ વધારે હોય. વર્ષ ૨૦૦૯ની ચૂંટણીના પરિણામ પછી સ્વ. આર. આર. નાગડાએ જે તંત્રી લેખ લખેલ તે પ્રકાશ સમીક્ષાના શ્રેષ્ઠ એક કહી શકાય તેવો હતો, જે પ્રાસંગિક લાગતાં તેનો ઉલ્લેખ કરેલ છે.

રાજકારણમાં ઉમેદવારો ટિકિટ મેળવવા બહુ ઉત્સાહિત હોય છે; કારણકે આ એક એવું ક્ષેત્ર છે જેમાં ટિકિટ માટે કોઈ અભ્યાસ કે અનુભવના ધારા ધોરણ નથી હોતાં અને જો જીતી ગયા તો સત્તા, સમૃદ્ધિ અને પ્રસિદ્ધિ ત્રણે એક સાથે મળે એવું અન્ય કોઈ ક્ષેત્ર નથી, તેમાં પણ સાંસદોને તો આજીવન પેન્શન પણ મળે છે. 'સેવાના નામે મેવા' વાક્ય પ્રયોગ આ રીતે અસ્તિત્વમાં આવ્યો. જયારે સામાજિક અને ધાર્મિક ક્ષેત્રોમાં મોટા ભાગે સંપત્તિ કે સમૃદ્ધિ મેળવવાની તકો હોતી નથી; માત્ર થોડી પ્રસિદ્ધિ મળે, તેથી પ્રમાણમાં ઓછા ઉમેદવારો ચૂંટણી લડવા આગળ આવે છે.

**છીપનું મોતી :** સામાજિક અને ધાર્મિક સંસ્થા કે સંગઠનોમાં બને તેટલા ઓછા નિયમો હોવા જોઈએ, પણ જે નિયમો બનાવેલ હોય તેનું ચુસ્ત રીતે અમલ કે પાલન કરવું જરૂરી છે.

***

**વિચાર વર્તુળ**

# વતનનો સાદ – ભાગ ૨

**રમેશ મુલજી લોડાયા,** ભરૂડિયા-મુલુંડ
મો.: **98203 36767**



ટ્વેંટી ટ્વેંટીના વરસની નિરાશામાંથી બહાર નીકળી માનવજાતે નવી આશાઓ સાથે ૨૦૨૧ના વરસમાં ડગ માંડ્યા છે. ભલે આપણે કોરોનાને નાથવા થોડા સફળ થયા હોઈશું પણ મોંઘવારી અને બેકારીની સમસ્યા તો લાંબા સમય સુધી રહેશે. જે વરસ દરમિયાન કેટલાયે નોકરી ગુમાવી તો કેટલાના પગાર ઓછા થઈ ગયા. નાના અને મધ્યમ વર્ગની યાતના તો ચાલુ જ રહેશે. સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા સારી સહાય મળી. સમય અને અનુભવે ઘણું શીખવ્યું છે. આમાંથી શીખીને આપણી દશા અને દિશા બદલવાનો પ્રયત્ન કરવો જોઈએ અને આત્મનિર્ભર બનવું જોઈએ. શહેર સારું કે ગામડું તેનું મનોમંથન કરવું જોઇએ.

મારા ''વતનનો સાદ'' લેખને ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ભાંડુપ/ બાંડિયાના શ્રી કિરીટ દામજી લોડાયાએ મોકલાવેલ સંદેશો પ્રેરણા દાયક હોઈ, એમના જ શબ્દમાં અત્રે રજુ કરૂં છું.

''આપનો વતનનો સાદ'' લેખ વાંચ્યો. ખૂબ જ સરસ રીતે કચ્છ-હાલારમાં વસવાટ વધારવાની વાત કરી છે જે વિચારવાને લાયક છે. તેના દ્વારા સમાજનાં ઘણાં પ્રશ્નો ઉકેલી શકાય છે. આ સંદર્ભમાં એક સત્ય હકીકત જેનો હું સાક્ષી છું તે રજૂ કરૂં છું.

મારો એક મિત્ર છે. અમે ઘણાં વર્ષ પહેલા સાથે કામ કરતા. મેં એ કંપની છોડી દીધી ને બીજે જોડાયો. બે વરસમાં અમે સાથે કામ કરતાં હતા તે જુની કંપની બંધ થઈ ગઈ તો મારા એ મિત્રને ખાખરા વેચવાનો વારો આવ્યો. દરરોજ ડોમ્બિવલીથી વાશી મારકેટ થેલા લઈ અપડાઉન કરતો. કોઈકે એને સલાહ આપી. એણે હિંમત કરી મુન્દ્રા હાઈવે પર આઈસ્ક્રીમની દુકાન નાખી. મુંબઈ જેવી અલગ અલગ જાતની ફાલુદા ને બધી જાતની આઇટમ ચાલુ કરી. થોડા દિવસ તકલીફ થઈ. ખરચા માંડ માંડ નિકળતા પણ આસ્તે આસ્તે એક વરસમાં તો દુકાન એવી જામી ગઈ કે બે વરસમાં એ જ દુકાન વેચાતી લઈ લીધી. પછીના બે વર્ષે દુકાન પાછળ જ બંગલા જેવું મકાન પણ બનાવી લીધું. અદાની પોર્ટની ગાડીઓની આવજાવ વધતા ધંધો જોરદાર ચાલ્યો. રાતના ફુલ ઘરાકી, ઠંડીમાં પણ ફુલ ઘરાકી. દિલથી બધાને વધુ ખવડાવે, લાંબે લાંબેથી માણસો ખાવા આવે છે. બધાને પ્રેમથી છલોછલ ભરેલા ગ્લાસ આપે, ઊપરથી થોડી વધુ આપે. હવે તો મશીન લઈ લીધું છે, એક બે માણસો રાખી લીધા છે. એક પ્લોટ પણ લઈ લીધો. બહુ સુખી થઈ ગયો. સવારના દસ પછી દુકાન ખોલે વળી બપોરે જમવા જાય, થોડું સુઈ જાય પછી ૩-૪ વાગે ખોલે તે ૧૧-૧૨ વાગ્યા સુધી ખુલી હોય. પરિવાર સાથે મુંબઈથી ખુબ સરસ જીવન જીવી રહ્યો છે. નાના અને મધ્યમ ભાઈઓએ આ વાત સમજવા જેવી છે અને સમાજનાં શ્રેષ્ઠીઓએ આ અંગે આગળ આવવાની જરૂર છે''

કચ્છનું ઊજળું ભવિષ્ય સમજી પંજાબના ઘણાં શીખ ભાઈઓ કચ્છમાં આવી વસી ગયા છે. પારંપારિક અનાજ ઉગાડવાને બદલે બાગાયતી ખેતી દ્વારા સારૂં કમાઈ રહ્યા છે. કચ્છ જિલ્લો આજે ગુજરાત રાજ્યમાં આણંદ જિલ્લા પછી બીજા નંબરનો ફળ ઉગાડનારો જિલ્લો બની ગયો છે. કચ્છમાં વિસ્તારનો ૫૩% રણ છે અને માત્ર ૨૦.૭% વિસ્તારમાં ખેતી થાય છે અને પાણીની તકલીફ વચ્ચે આવું પરિણામ કચ્છમાં રહેલી ઉજળી તકો બતાવે છે.

એક સમય હતો ડ્રેગન ફ્રૂટ પરદેસમાંથી આયાત કરવું પડતું તે હવે કચ્છમાં પુષ્કળ પ્રમાણમાં પાકવા માંડયું છે. કચ્છના ખેડૂતો હવે હેક્ટર દીઠ રૂા. ૮૦-૯૦૦૦૦ ના ઉત્પાદનને બદલે બાગાયતી ખેતી દ્વારા ૩ થી ૪ ગણી આવક કરવા માંડયા છે.

બાગાયત વિભાગના આંકડા મુજબ કચ્છમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૫૮૦૦૦ હેક્ટર જમીનમાં ફળોનું વાવેતર થયું જેમાં ૯,૪૯,૧૧૫ ટન પાક થયો તેમજ ૨,૩૫,૧૬૬ ટન શાકભાજીનો પાક થયો. કેરી, ચીકુ, ખારેક, દાડમ, ડ્રેગન ફ્રૂટ, કેળાં, જામફળ, પપૈયા, નારિયેળ, સીતાફળ, બોર જેવા અનેક ફળોની ખેતી થઇ રહી છે. હવે સફરજન, લીચી, સ્ટ્રોબેરી જેવા ફળો ઉગાડવાના પ્રયોગો સફળ થવા લાગ્યા છે. આર્થિક અને ટેક્નોલોજી સહયોગ મળી રહ્યો છે. જો કે આ જાતની ખેતી ખૂબ મહેનત, ધીરજ અને મૂડી રોકાણ માગી લે છે. અહિં નાની વ્યક્તિઓ માટે મુશ્કેલ ગણાય પરંતુ સામૂહિક સહકારી ધોરણે ખેતીને વિકસાવી શકાય. ખેતી સાથે પશુ પાલન, ડેરી ઉદ્યોગ પણ વિકસાવી શકાય. ગામડે ગામડે હવે સ્કૂલ, સ્વાસ્થ્ય, મનોરંજન આદિ સગવડો મળવી સહજ છે એટલે ગામડામાં રહીને પણ શહેરી જીવન માણી શકાય છે અને સાથે સાથે સ્વમાનભર્યું સ્વાવલાંબી જીવન જીવી શકાય છે. આ પ્રશ્ને વિચારણા કરવાનો આ સમય છે.

***

# દુઃખનું મૂળ 'સ્વભાવ'...!

ઘણીવાર આપણે પોતે તેમજ અન્યના મુખવદનેથી બીજાને કહેતા હોઇએ છીએ કે ભલા માણસ તારો સ્વભાવ સુધાર...! સ્વભાવ બદલ...! સ્વભાવમાં પરિવર્તન લાવ...! આનો તો પહેલેથી સ્વભાવ જ વિચિત્ર છે...! છે સો ટચના સોના જેવો પણ સ્વભાવમાં બિચારો માર ખાઇ જાય છે...!

આ માણસને કહેવા જેવું નથી કારણ તેનો સ્વભાવ જ ઝઘડાખોર છે...! સ્વભાવના કારણે એની સાથે કોઇ સંબંધ જ રાખવા તૈયાર નથી...! જાહેરમાં એને બોલવા જ ન દેશો એના સ્વભાવને કારણે એ ઉંધુચતું કરી નાખશે...! આખું ગામ એનાથી દૂર ભાગે છે ફક્ત એના સ્વભાવને કારણે જ...! એની સાથે મિત્રતા કરવામાં કોઇ પણ જાતનો વાંધો નથી કારણ એ સ્વભાવે નમ્ર-ઉમદા વ્યક્તિ છે...!

ભલા માણસ પેલા ભાઇ હજુ કેમ સભામાં દેખાતા નથી એમના વગર તો સભા ચાલુ જ કેમ કરાય કારણ એમના જેવો મળતાવડો માણસ બીજો કોઇ નહીં. એ છે તો સમાજ... સ્વભાવ.. સ્વભાવ અને સ્વભાવ...! આ સ્વભાવ જ એવો છે કે માણસને પારખતાં વાર ન લાગે...! સ્વભાવ પણ ઘણી જાતના હોય છે ...! વિચિત્ર ક્રોધીલો... જડ... અદેખો... ઇર્ષાળુ... ઝઘડાલુ... ચડેલો... ડરપોક... ઉદાસ... માયાળુ... દયાળુ... પરોપકારી... ઉમદા... નમ્ર... કરૂણામયી... ઉદાર વિ.વિ....!

પણ આ સ્વભાવ છે શું...! કઇ માયા જાળ છે...! શું સ્વભાવ જન્મ જાત હોઇ શકે...! આવા ઘણા બધા પ્રશ્નો આપણી સમક્ષ આવે છે...! માટે જ બધા જ દુઃખોનું મૂળ... ''સ્વભાવ'' છે. હવે આ સ્વભાવને સમજીએ અને તેને બદલવાની કોશીશ કરીએ...! પરંતુ અંગ્રેજીમાં કહેવાય છે કે... "Nature cannot be change behaviour can" અર્થાત રીતભાત બદલી શકાય પરંતુ સ્વભાવને બદલી શકાતો નથી. એના માટે અથાગ પ્રયત્નો કરવા પડે... તપ કરવું પડે... પોતાનામાં પરિવર્તન લાવવું પડે...!

જન્મોજન્મના કરેલાં કર્મો અને તેનાથી પડેલી ટેવો લાંબાગાળે રૂઢ થઇ જાય તેને... ''સ્વભાવ'' કહેવાય છે. ''સ્વ'' એટલે પોતાનું અને ''ભાવ'' એટલે વલણ, આદત, તાસીર, આંટી, પ્રકૃતિ, વાસના જેવા અનેક નામોથી ઓળખીએ છીએ.

સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામી સ્વભાવની વ્યાખ્યા આપતા કહે છે કે... ''વિષયના સંકલ્પ થાય એ તો વાસના કહેવાય પણ ભાગવાનની સ્મૃતિ કરતાં જે સંકલ્પ થાય તે સર્વ સ્વભાવ કહેવાય''. આ સ્વભાવોને આપણે જન્મોજન્મથી ખાતરપાણી આપતા આવીએ છીએ. તેથી તે તગડા થઇ ગયા છે. જન્મતાની સાથે જ મળેલા સ્વભાવોને માણસ જેવા સંસ્કારોનું પાણી થાય તે પ્રમાણે તે વધુ મજબૂત થતાં જાય છે.

બાળપણની નિર્વસ્ત્રતાને સૌ કોઇ સ્વીકારી લે પણ યુવાવસ્થામાં દેખાતી સ્વભાવની નગ્નતા કે અવળચંડાઇને કોઇ સ્વીકારે નહીં, તેમાં તે માણસે સુધારો કરવો જ જોઇએ.

મનુષ્ય જેમ સામાજિક પ્રાણી છે તેમ સ્વભાવયુક્ત પ્રાણી પણ છે. આ જગતમાં જાતજાતના અને ભાતભાતના સ્વભાવવાળા મનુષ્યો જોવા મળે છે. ખારાને ખાટા, તૂરાને બૂરા, આકરાને અકારા, તીખા ને લૂખા, કડવાને મીઠા આવા અનેક સ્વભાવોનું સંગ્રહસ્થાન એટલે મનુષ્ય.

શરીર માંદુ ન પડી જાય એ માટે શરીરનું મેડીકલ ચેકઅપ ડૉક્ટર પાસે કરાવીએ છીએ. તેમ આત્મા માંદો ન પડી જાય તે માટે સ્વભાવોનું ચેકઅપ શાસ્ત્રો અને સંતો પાસે કરાવવું જોઇએ. કારણ કે દુનિયાના સૌથી વધુ વિનાશકારી તાંડવો માણસના કામ, ક્રોધ, લોભ, ઇર્ષ્યા, અહંકાર વિ. રોગના વાઇરસ જેવા સ્વભાવોને લીધે જ થયા છે...!

જગતમાં જે કાવાદાવા, લૂટફાટ, ખૂનખરાબા, બાળાત્કાર આંતકવાદ વિ. થાય છે તે બધા આમ તો અવળા સ્વભાવના જ પ્રદર્શનો છે. છ અબજથી પણ વધારે વસ્તીમાં કોઇને માટે કોઇ નડતરરૂપ નથી. ''દરેકને પોતાના સ્વભાવ જ નડતરરૂપ છે. જેમ બીજમાંથી વૃક્ષ થાય છે તેમ સ્વભાવમાંથી બધું ઉભું થાય છે...!

દેહાભિમાન, દોષો - સ્વભાવોનું જનરેટર કહી શકાય. દેહાભિમાનમાંથી અનેક પ્રકારના સ્વભાવો ઉત્પન્ન થાય છે. હઠ, માન અને ઇર્ષ્યા એ તેની સર્વોપરી પ્રકૃતિઓ છે...!

આપણને અને અન્યને નડતા, કનડતા આ સ્વભાવોને દૂર કરીએ ત્યારે અંતરમાં શાંતિ થાય. સ્વભાવને દૂર કરવા સાચા સત્પુરૂષમાં સ્નેહ કરવાથી સ્વભાવ ટળે છે...!

સંતો કહે છે, ''મનુષ્ય દેહે કરીને ન થાય તેવું શું છે ?'' નિત્ય અભ્યાસ રાખીને પ્રયત્નો કરીએ તો બધું જ થાય છે. જેમ નિત્યે પાણી સીંચતા નરમ દોરડી કૂવાના કાંઠા પરના કાળમીંઢ પથ્થર ઉપર પણ કાપા પાડી દે છે. તેમ જે સ્વભાવ ટાળવા નિત્ય અભ્યાસ રાખશે તો તે સ્વભાવ ક્યાં સુધી રહેશે ? એ નિશ્ચય નાશ પામશે અને છેલ્લે.. ''માત્ર પોતાના સુખ માટે ફાંફા મારતો, અન્યનું પડાવી લેવાની હીનવૃત્તિ રાખતો, કપટી-પ્રપંચી મનુષ્ય કદી સુખી થઇ શકતો નથી''.


- **ડૉ. ઠાકરશી ગોવિંદજી મૈશેરી,** આણંદ (ગુજ)

મો.: 9974879033

## અતીતની અટારીએથી

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૧૦)''

**સોમ ધરમશી**
મો. 97267 76627



(ગતાંકથી ચાલુ...)

ચંદને સ્ટીમરના છેવાડેના ભાગમાં કાંઈક અવનવું દેખાડવાની લાલચ આપેલી તે ખોટી ન હતી. છેવાડેના ભાગમાં પહોંચતા-પહોંચતા સ્ટીમરના તુતક ઉપર નાની-નાની ઘણી બોટ જોઈ તથા ટ્રકમાં લાગે તેવા પણ સફદે અને લાલ રંગે રંગાયેલ કેટલાક ટાયર જોયા. મારી આંખમાં જીજ્ઞાસા જોઈ ચંદને મને સમજાવ્યું કે આ ''લાઈફબોટ'' અને પેલા જિંદગી બચાવવાવાળા ટાયર છે. સ્ટીમર કોઈ કારણસર ડુબવા માંડે તો આ લાઈફબોટને દરિયામાં ઉતારી મુસાફરોને તેમાં બચાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અને કેટલાક હિમ્મતવાન મુસાફરોને ''લાઈફ જેકેટ'' આપવામાં આવે અને દરિયામાં કુદી પડી પોતાની જાન બચાવવા તરવાનું આહ્‌વાન અપાય છે. ત્યાં સુધી સ્ટીમરના કેપ્ટન દ્વારા આજુ-બાજુમાં કોઈ બીજી સ્ટીમર હોય તો તેને મદદ કરવા માટે વિનંતી કરવામાં આવે છે.

આ સ્ટીમર ડુબી પણ શકે છે એવું ચંદન પાસેથી સાંભળ્યા પછી મને કમકમા આવી ગયા. પણ ટાયર પહેરીને તરીને બચી પણ શકાય છે એ વાત ઉપર હું મુંબઈ-ચોપાટી પર આવેલા **મફતલાલ સ્વીમીંગ પુલ** ઉપર પ્રથમ વખત તરવાનું શિખવા ગયેલો ત્યારે પીઠમાં પાછળ એક ગોલાકાર લાકડું બાંધી મને અચાનક પાણીમાં ધક્કો મારી દીધેલ તે યાદ આવ્યું. ટાયરની મદદથી લગભગ ૧૦ દિવસની જહેમતથી હું તરવાનું શિખેલો. આજે પણ ૭૬ વર્ષની ઉંમરે ક્યાં ''તરણ હોજ'' મળે તો તરવાનું હું છોડતો નથી.

મને બરાબર યાદ છે કે મને હરવા-ફરવાનો શોખ હોવાથી હું ઘણી કૌટુંબિક યાત્રા ગોઠવતો, ત્યારે રસ્તામાં તળાવ, નદી કે ડેમ આવે તો તરવા માટે તરત તૈયાર થઈ જતો. ત્યારે સાથે આવેલ મારા દિવંગત બનેવી **શ્રી નેણશી દેવશી ખોના,** સાથે તરવા તૈયાર થતા પણ સહયાત્રીઓને કહેતા કે **''સોમો, અગલે જનમમેં મચ્છલો હોણું ખપે. તરા, નધી ન્યાંરે નાંય, ને છલાંગ મારે નાંય.''**

હવે અમે સ્ટીમરના એકદમ પાછળના ભાગમાં આવી ગયા હતા, અહીં મજબુત જાળીવાળી રેલીંગ લગાડવામાં આવેલી ને અહીં ઉભા રહી આઠથી દશ મુસાફરો સ્ટીમરના ચાલવાથી દરિયામાં મોજાઓનો ડુંગર ઉછળતો હતો તે નિરખતા હતા. ચંદને એ લોકો વચ્ચેથી માર્ગ કાઢી એકદમ વચ્ચેના ભાગમાં મને દોરી ગઈ અને કહ્યું ''નીચે ન્યાર, કૉરો આય ?''

મેં નીચે દ્રષ્ટિપાત કરી તો એક જોરદાર પંખો દરિયાના પાણીને કાપતો હતો, તેથી દરિયામાં લયબદ્ધ મોજા ઉપડતા હતા. ચંદને કહ્યું ''આ પંખાને પ્રોપેલર કહેવાય છે. આપણે બોઈલર હાઉસમાં એક મોટું ચક્ર જોયું હતું ને, તે આ પંખાને ચલાવે છે અને તેથી સ્ટીમરને ગતિ મળે છે. હું દરિયામાં ઉઠતા અવનવા તરંગોને જોતો હતો ત્યાં તો દરિયામાં કતારબંધ થોડાક પક્ષીઓને ''V'' આકારમાં ક્રાંઉ...ક્રાંઉ કરતા ઉડતા જોયા અને નવાઈ પામતી હોય તેમ ચંદન બોલી ઉઠી ''ન્યાર હી કુંજલડી અઇં- હી સિયારેમેં પિંઢજે કુંટુંભ કબીલે સાથે દસેરા જે આસપાસ કચ્છમેં અચી, કચ્છજી મેમાણ ભનેંતી, ને વૈસાખમેં પાછી બાલ-બચે સહીત પિંઢજે મુલકમેં વરેતી.'' આ પક્ષી ''V'' આકારમાં જ અને ટોળામાં જ ઉડે છે. અને આ પક્ષીની કેટલીક ખાસિયતનું વર્ણન કરતા કહ્યું ''અમારા સુથરીના દરિયાકાંઠે પણ મેં વેકેશનમાં આ પક્ષીને જોયા છે. તું વેકેશન દરમ્યાન સુથરી આવે તો આપણે બંને દરિયે જઈ આ અને આના જેવા અનેક પક્ષીઓને માણીશું.''

આગળ ઉંમર વધતા જ્યારે હું કચ્છી લોકસાહિત્યના સાગરને ઉમેટવા લાગ્યો ત્યારે **અમીનાબાઈ મીર**ના સ્વરમાં ગવાયેલ એક સી.ડી. હાથ આવી જેના પર ટાઈટલ હતું **''કુંજલજો કુણકાર''** અને તે સી.ડી.માં અન્ય લોકગીત સાથે સાંભળેલ એક ગીતની પ્રથમ લાઈન એ દ્રશ્યને જ્યારે યાદ કરું છું તો કાનોમાં ગુંજવા લાગે છે. **''કુંજલડી ન માર વીરા, કુંજલડી ન માર, કુંજલ વેંધી ધરિયા પાર''** અને એ ગીતના કાનમાં રણકાર સાથે મનમાં ચંદન સાથે સ્ટીમરના છેવાડેના ભાગમાંથી જોયેલ કુંજ પક્ષીની કતાર આજે પણ સ્મૃતિ પટ પર છલકાય છે.

આ લેખની તૈયારી કરતો હતો ત્યારે નાગપુરથી **શ્રી મેઘજી ભાણજી પોલડીયા,** ઉ. વ. ૯૨, (ડુમરા)નો ફોન આવ્યો. (વધુ આવતાં અંકે)

# પાંદડુ લીલું ને રંગ રાતો, થયો છે જગ ભાતો

મહેંદીનું આ લીલું નાનકડું પાંદડું રાતા રંગ સાથે દુનિયા ભરમાં છવાઈ રહ્યું છે. એની આ લોકપ્રિયતામાં વીણાબેનનો ફાળો ખૂબ મહત્વનો છે જે હોંગકોંગના દૈનિક 'સાઉથ ચાયના મોર્નિંગ પોસ્ટ'માં વીણાબેન વિશે પ્રસિધ્ધ થયેલા લેખ પરથી સમજી શકાય.



વીણાબેન હવે આપણી નાત કે ભારત પૂરતા મહેંદી ક્વિન નથી. તેમની લોકપ્રિયતા હવે વિશ્વભરમાં પ્રસરી રહી છે. આરબ જગતથી માંડી સમસ્ત ભારતને પાર કરી મહેંદીની રસમ હવે પૂર્વી દેશોમાં પહોંચી રહી છે. જ્યારે પશ્ચિમના જગત પર પણ કામણ કર્યા છે. અને ધીરે ધીરે ત્રાસદાયક ટેટૂ ને પછાડી સૌમ્ય શીતળ અને મૃદૂ સુગંધિત મહેંદી વિજય કૂચ આગળ વધારી રહી છે.

સાઉથ ચાયના મોર્નિંગ પોસ્ટને જણાવતા વીણાબેન કહે છે, ''૩૦ વર્ષ પહેલાં મારા લગ્ન થયા ત્યારે મહેંદી એક એક મજાની સામાન્ય રસમ હતી. હવે એ અનિવાર્ય અને મહત્વની રસમ બની ગઇ છે.'' લગ્ન પહેલાં મહેંદી મૂકાવાની રસમ સગાઇ જેટલી જ અગત્યતા ધરાવે છે.

મહેંદી પ્રસાર અને લોકપ્રિયતાનું એક કારણ વિશે એવી માન્યતા છે કે મહેંદીનો કથ્થઇ લાલ રંગ ઘરમાં બરકત લાવે છે અને સુખ  સમૃધ્ધિ વધારે છે. આથી ઇસ્લામી જગતમાં એક ખાસ રસમ ''મહેબૂબ કી મહેંદી'' છે. જેમાં વર પક્ષ લગ્ન પહેલાં કન્યાને લગાવવા માટે ખાસ વાજતે ગાજતે મહેંદી પહોંચાડે છે. તુર્કસ્તાન અને તુર્કીમાં તો મહેંદીની એક ખાસ સાંજ હોય છે. ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તુર્કી, ઈરાન, આફ્રીકામાં તો સદીઓથી મહેંદી લગાડવાની રસમ છે.

બીજું મહત્વનું કારણ યુવતીઓ હવે મહેંદીનો પ્રયોગ 'ફેશન સ્ટેટમેંટ' રૂપે કરે છે.

થોડા સમય પહેલા ઝાંઝીબાર (પૂર્વ આફ્રિકા) ખાતે મહેંદી પર એક વર્કશોપનું આયોજન થયું હતું.

મહેંદી ઈજિપ્તની 'મમી'ઓ પર લગાડેલી જોવાઇ હતી એટલે હજારો વર્ષ પહેલાં લોકો ખુશ રંગ હિનાના ચાહક હતા. આજે મહેંદી લગાવવા માટે લોકોનો સૌથી પહેલો આગ્રહ વીણાબેન નાગડા માટે હોય છે.

વીણાબેન કહે છે કે જ્યારે હું કોઇના હાથ પર મહેંદી મૂકતી હોઉ છું ત્યારે મારા હૃદયમાં કંઇ ઉત્તમ, સારૂં થવાનો ભાવ હોય છે. આથી મારી મહેંદી કળા ઉત્તરોત્તર વધુને વધુ ખીલતી જાય છે.

બ્રિટિશ અભિનેત્રી અને મૉડેલ એલિઝાબેથ હર્લીના અરૂણ નાયર સાથે લગ્ન પ્રસંગે વીણાબેન નાગડાએ લગાવેલી મહેંદીની ડિઝાઇન પ્રદર્શિત કરી રાખી છે.

ઈશા અંબાણીને પણ વીણાબેને જ મહેંદી મૂકી આપી હતી. બોલીવુડની અભિનેત્રીઓ પણ મહેંદી માટે વીણાબેન નાગડાનો આગ્રહ રાખે છે.

હોંગકોંગમાં ઉછરેલી પાકિસ્તાની મૂળની સુનદાસ ઈરશાદ કહે છે કે પાકિસ્તાનમાં રસ્મ-એ મહેંદી તરીકે મહેંદી મૂકવાની રસમ વર અને કન્યાના બંને પરીવાર સાથે મળી ઉજવે છે. તુર્કીમાં મહેંદીની શામ તરીકે આ રસમ મનાવાય છે.

**- કેશરસિંહ ખોના**


TRISHLA
Since 1978

૪૨ વર્ષથી ઘર ઘરમાં ગુંજતા ત્રિશલા નિર્મીત જૈન સ્તવનો નું કાંરવા

ત્રિશલા ઈલેક્ટ્રોનિક્સ પ્રસ્તુત કરે છે

**ત્રિશલા ભક્તિ ગુંજન**

૧૯૦ કલાક નો ખજાનો

૧૨૦૦ થી અધીક જૈન સંગ્રહ

રિચાર્જેબલ, પૉટેબલ જૈન સ્તવન મ્યુઝીક પ્લેયર




મધુર કંઠે ગવાયેલ જૈન સ્તવન, સ્તુતિ, સ્તોત્ર નો અમુલ્ય ખજાનો

- શ્રી ભક્તામર સ્તોત્ર
- રત્નાકર પચ્ચીસી
- ભાવના ગીત સંગ્રહ, અમી ઝરણા - સુપ્રસિધ જૈન સ્તવનો
- પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ
- શાંતિલાલ શાહ: જૈન સ્તવનો કથાગીતો - પૂજા સંગ્રહ
- આદિનાથ - શંખેશ્વર પાર્શ્વનાથ મહાવીર સ્વામિ ના સ્તવનો
- શ્રી જયંતભાઈ રાહી - નવકાર જાપ
- પ્રતિક્રમણ • નવસ્મરણ
- સજ્ઝાય માળા
- આનંદઘન ચોવીસી પદો
- પુણ્યપ્રકાશનું સ્તવન
- ધૂન - મંત્ર - આત્મધૂન
- પ્રાર્થના ગીત સંગ્રહ
- શ્રી ઘંટાકર્ણ મહાવીર
- શ્રી માણીભદ્રવીર
- દિવાળી ચોપડા પૂજન
- સુપ્રસિધ્ધ પ્રાચીન ભજનો

સ્તવનના લીસ્ટની બુક સાથે આવશે, જેમા આપની પસંદગીના ગીત નો નંબર દબાવીને સાંભળી શકશો

પ્રભાવના માટે નામ ફોટો સાથે સંપૂર્ણ વિગત પ્રીન્ટ કરીને વ્યાજબી ભાવથી મળશે

**TRISHLA ELECTRONICS - 98200 59899**
**સંપર્ક: શાંતિલાલ ગોસર ❖ ફોન: ૯૮૨૦૦ ૫૯૮૯૯**

Buy Online : www.trishlaelectronics.com • કુરીયર દ્વારા હોમ ડિલીવરી

ત્રિશલાનુ ઓરિઝીનલ પ્લેયર ખરીદો, ડુપલીકેટ પ્લેયરથી સાવધાન.

આરોગ્ય
પ્રકાશ

# સંધિવાતમાં કસરત ખૂબજ મહત્વની

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



આજકાલ સંધિવાત - સાંધાનો ઘસારો ખૂબજ સામાન્ય થઇ ગયો છે, એમાં પણ ઘૂંટણનો સંધિવાત અને ઘૂંટણનો ઘસારો એટલો સામાન્ય છે કે ઘણાના સાંધા બદલવાના (Knee replacement) ઓપરેશન થયેલા સંભળાય છે.

અપૌષ્ટીક અને અવ્યવસ્થિત ખાનપાન, કેલ્શિયમ અને વિટામીન 'ડી'ની ઉણપ, બેઠાડુ જીવન, કસરતનો અભાવ, સાકરવાળા ખાદ્યનો અતિરેક (સાકર વધારે ખાવાથી કેલ્શિયમ અને ફોસ્ફેટનું નાજુક બેલેન્સ ખોરવાય છે), ડાયાબીટીસ, હાઇ બી.પી., જાડાપણું જેવી બિમારીઓ એમાં મુખ્યત્વે કારણભૂત છે. સંધિવાત એટલે સાંધાનો વા, જેને અંગ્રેજીમાં આર્થરાઇટીસ કહે છે. 'આર્થોસ' એટલે સાંધો અને 'આઇટીસ' એટલે સોજા.

હાડકામાં કેલ્શિયમ ઓછું થાય એને ઓસ્ટીયોપેનીઆ કહે છે અને ખૂબ ઓછું થાય એને ઓસ્ટીયોપોરોસીસ કહે છે. આમાં હાડકા છિદ્રાળુ (પોરસ) થાય છે, એટલે જરા લાગે કે વજન આવે તો હાડકા તૂટે, ફ્રેકચર થાય અને એના છેડા 'કાર્ટીલેજ' (સાંધા વચ્ચેની ગાદી) જલ્દી ઘસાઇ જાય. હાડકાને છેડે - સાંધામાં બે હાડકા વચ્ચે ગાદી ઉંમરને લીધે, વધારે વજન (ઓબેસીટી) હોય તો અને હાડકામાં કેલ્શિયમ ઓછું હોય ત્યારે ઘસાઇ જાય છે. હાડકાના છેડા જે સાંધાનો ભાગ છે તે પણ જલ્દી ઘસાય છે અને છેડા ઉઘાડા પડી જાય છે. હલનચલન વખતે ઘસાવા થી કે હલનચલન વગર એમને એમ પણ દુઃખાવો થાય, વધુ ઘસારો હોય તો સોજા પણ આવી જાય. ઓસ્ટીયોપોરીસીસ થવાના બીજા કારણોમાં મેનોપોઝ, બીડી, સિગરેટ, તમાકુ, ગુટકા જેવા વ્યસન, સ્ટેરોઇડ જેવી દવા ઇન્જેક્શન, પેશાબ વધારવા ગોળીઓ (લેસિક્સ, લેસિલેક્ટીન) વગેરે હોય છે.

આપણે ખાદ્ય રૂપે કેલ્શિયમ લઇએ પણ જો પાચન બરાબર ન હોય તો એ શરીરમાં શોષાતું નથી અને હલનચલન - કસરત ન કરીએ (બેઠાડુ જીવન) જીવીએ તો એ હાડકામાં જમા નથી થતું. સંધીવાત ન થાય કે હોય તો તકલીક ઘટે એ માટે કેલશ્યમ ધરાવતા ખાદ્યો નિયમિત ખાવા જોઇએ અને બીજું કસરત-ચાલવાનું નિયમિત કરવું જોઇએ અર્થાત બેઠાડુ જીવન ત્યજવું જોઇએ. કેલ્શિયમ ધરાવતા ખાદ્ય લીંડા, કોબી, બ્રોકોલી જેવા ઘેરાલીલા શાકભાજી, બધી દાળો, કઠોળ, સોયાબીન, લીલા અને સુકા શિંગોડા, સોયાપનીર (ટોફુ), અશીરીયો, દૂધ અને દૂધની ચીજો વગેરે નિયમિત લ્યો. વિટામીન 'ડી' શરીરમાં પૂરતા પ્રમાણમાં ન હોય તો આંતરડામાં કેલ્શિયમનું શોષણ બરાબર થતું નથી. વિટામીન 'ડી' માટે રોજ વીશેક મિનિટ સુર્યનો તડકો ચામડી પર પડે એમ ચાલો કે બેસો. બારી કે કારના કાચમાંથી આવતો તડકો ફાયદો નથી કરતો. વધુમાં વધુ વિટામીન 'ડી' ૧૧ થી ૧ વાગ્યાના તડકામાં મળે. (જેટલો આપણો પડછાયો નાનો ચામડી વિટામીન 'ડી' વધુ બનાવે) પણ પોતાની પ્રકૃતિ અને ગરમીના દિવસોનો વિચાર કરી સમયમાં ફેરફાર કરવો. ચીઝ, બટર, ખારેક, અંજીર, બ્લેક બેરી, જરદાલુ, સંતરાનો રસ, સોયાબીન, બદામ, રાઇસમિલ્ક, કિસમિસ, મશરૂમ, દહીં અને વિટામીન 'ડી' ઉમેરેલ દૂધ અને ખાદ્ય લ્યો. ઉંમર વધે તેમ ત્વચા વિટામીન 'ડી' ઓછું બનાવે છે તેથી વધુ ઉંમરવાળાને વિટામીન 'ડી' ની ગોળી, દવા, ઇન્જેક્શન રૂપે લેવા પડે છે.

રોજ ચાર આખા અખરોટ, ૪ થી ૫ બદામ, ૪ ચમચી સેંકેલી અળશી, ૩-૪ ચમચી ઓલીવ ઓઇલ રોજ લ્યો. આમાં બધામાં ઓમેગા-૩-ફેટીએસીડ હોય છે જેનાથી સાંધાની ઘસાયેલ ગાદી નવી તૈયાર થાય છે. નિયમિત દાડમનો રસ પીવાથી કાર્ટીલેજ ને ઘસારો ઓછો લાગે છે. કાંદાનો બાધ ન હોય તો તે લ્યો તેમાં રહેલ પેપ્ટાઇક હાડકામાંથી કેલ્શિયમ ધોવાણ અટકાવશે, કેલ્શિયમ હાડકામાં જળવાઇ રહેશે. કેફીન ધરાવતા પદાર્થ ચા, કોફી, ચોકલેટ, કેફીનવાળી દવાઓ ન લ્યો. બી.પી., ડાયાબીટીસ, થાયરોઇડ વગેરેનો યોગ્ય ઇલાજ કરી કાબુમાં રાખો.

કસરત : સંધિવાતમાં કસરત સૌથી મહત્વની છે.

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

કસરત, હલનચલનથી ભૂખ લાગશે, પાચન સુધરશે, કેલ્શિયમનું શરીરમાં શોષણ થઇ હાડકામાં જમા થશે. નિયમિત ચાલો, દાદર ઉતરો-ચડો, વજન ઉંચકો, દોડો, બેડમિન્ટન જેવી રમતો રમો, ડાન્સ કરો, દોરડા કુદો, ઘરના કામ કરો - જે માફક આવે તે કરો પણ બેઠાડુ જીવન ત્યજો. સૂર્ય નમસ્કાર સંધિવાત માટે સારામાં સારી કસરત છે આમાં બધા સાંધા ઉપયોગમાં આવે છે. ઘૂંટણ માટે વજ્રાસન ઉત્તમ છે. મોટી ઉમરનાએ સવારના ઉઠીએ ત્યારે ગાદલામાં જ થોડી હળવી કસરત કરી લેવી સારી. બધા સાંધાઓમાં લોહી ફરશે, સાંધા વચ્ચેનું લ્યુબ્રીકન્ટ આખા સાંધામાં ફરશે જેથી સાંધાની પીડા હશે તો ઓછી થશે. અતિ સોજા કે અતિ દુઃખાવો હોય ત્યારે સાંધાને કસરત ને બદલે આરામ આપવો. શેક-વારાફરતી ગરમ અને ઠંડો (અડધા કલાકના ગેપ પછી - અર્થાત ઠંડો શેક કર્યા બાદ અડધો કલાકના સમયગાળા પછી ગરમશેક કરવો.) 'વોલીની' જેવા મલમ કે 'રોગાન સુકુન તેલ' લગાડવું (આ તેલ ને હળવા હાથે લગાવવું માલીશ કરવું નહિં - ખૂબ રાહત આપે છે આ તેલ.)

રીસર્ચમાં જણાયું છે કે યોગ્ય કસરત કરવાથી હિલચાલ કરવાથી દુઃખાવો ઘટે છે, સાંધાનું કાર્ય સુધરે છે અને જલ્દીથી સાંધાની ખોડ આવતી નથી. કસરત કરનારને સંધિવાત જલ્દી થતો નથી. કસરતથી સ્નાયુ મજબૂત થાય છે, સાંધાની આજુબાજુના લીગામેન્ટ મજબૂત થાય છે, સાંધાની કડકાઇ (સ્ટીફનેસ) ઘટે છે, શરીરનું વજન પણ જો વધુ હોય તો ઘટે છે, ઓસ્ટીયોપોરોસીસ થતું નથી કે હોય તો ઘટે છે, આપણે તરોતાજા અને સ્ફૂર્તિલા થઇએ છીએ અને આપણો આત્મવિશ્વાસ વધે છે. ઉંઘ સારી આવે છે, પાચન સારૂં થાય છે, ભૂખ સારી લાગે છે આ બધી ચીજો સંધિવાતમાં ફાયદો કરે છે.

સંધિવાતની બિમારીમાં કસરતનું મહત્વ એટલું છે કે એક ત્રાજવામાં કસરત રાખો અને બીજા ત્રાજવામાં એના માટેની ગોળીઓ, ઈન્જેક્શન, ઓપરેશન આ બધુંય રાખો તોય કસરતનું પલડું ભારી જ રહેશે. ઘૂંટણ કે થાપાનો સાંધો અતિ ઘસાયેલ હોય તો ઓપરેશન કરવું પડે. તેમાં પણ કસરત તો ઓપરેશન પહેલા અને પછી કરવી જ પડે તો જ ફાયદો થાય નહીં તો મોટા ભાગના ઓપરેશન ફેઇલ જાય છે. અમુક કસરત ૧૦ વખત અને અમુક કસરત ૧૦૦ વખત અને તે પણ દિવસમાં ત્રણ વખત નિમયિત કરો તો ઘૂંટણ, ગરદન, કમરના દુઃખાવા એકદમ મટી જાય છે. સંધિવાત માટેની ગોળીઓ, ઈન્જેક્શનની આડઅસર થાય છે. સાંધા બદલવાના ઓપરેશન ખર્ચાળ છે અને એની પણ મર્યાદા છે. કૃત્રિમ ઘુંટણની આવરદા આશરે ૧૦ વર્ષ છે.

**- ક્રમશઃ**

---


|| શ્રી સુમતિનાથાય નમઃ ||



તારા આસમાનમાં જ ચમેક છે. ગુલાબ કાંટામાં જ ઉગે છે. કમલ કાદવમાં જ ખીલે છે. તેમ અમારા પરીવારની ગુણ સંપન્ન સન્નારી **સૌ. ભુમિકા દેવેશ દંડ,** મલકાપુરના ઇતિહાસમાં વિમા ક્ષેત્રે પ્રથમ મહીલા M.D.R.T. બની ગૌરવ પ્રાપ્ત કરેલ છે. જીવનમાં પ્રગતીના પાયા ચડતી રહે એજ આર્શીવચન-શુભકામના.

સૌજન્ય : **સૌ. પ્રતિક્ષા સોમચંદ દંડ તથા પરીવાર**


## खुद्दारी रख

यार से ऐसी यारी रख, दुःख में भागीदारी रख।
चाहे लोग कहे कुछ भी, तू अपनी जिम्मेदारी रख !
वक्त पड़े काम आने की, पहले अपनी बारी रख ।
मुसीबते तो आएगी ही, पूरी सब तैयारी रख ।
कामयाबी मिले ना मिले, जंग हौंसलों की जारी रख ।
बोझ लगेंगे सब हल्के, मन को मत भारी रख ।
मन जीता तो, जग जीता, कायम अपनी खुद्दारी रख !!

- संकलन : मुकेशभाई लोडाया, मोटी सिधोंडी

---

## ન જાણતા હો તો જાણો

નવકારવાળીના ૧૦૮ મણકા એ અનંતોપકારી શ્રી અરિહંત, શ્રી સિધ્ધ, શ્રી આચાર્યા, શ્રી ઉપાધ્યાય ને શ્રી સાધુ ભગવંતોના ગુણોનો સરવાળો છે.

૧૨ ગુણો શ્રી અરિહંતના
૦૮ ગુણો શ્રી સિધ્ધ ભગવંતોના
૩૬ ગુણો શ્રી આચાર્ય ભગવંતોના
૨૫ ગુણો ઉપાધ્યાય ભગવંતોના
૨૭ ગુણો શ્રી સાધુ ભગવંતોના

એ પરમ ઉપકારો નવકારવાળી ને આપણે 'માળા' યા 'મારા' કહીએ છીએ.

(નોકરવાળી યા નોકરવારી શબ્દ આશાતના છે.)

**- પ્રવિણ નાગડા,** હુબલી

## સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ચામુંડા માતાજીનો ધ્વજા મહોત્સવ - કોઠારા

કોઠારા મુકામે શ્રી ચામુંડા માતાજીને નમતા મૈશેરી પરિવારજનોની હાજરીમાં માતાજી નો ધ્વજા મહોત્સવ કારતક સુદ ચૌદસ ને રવિવાર તા. ૨૯-૧૧-૨૦૨૦ ના રોજ ધામધૂમ થી ઉજવવામાં આવેલ. જેમાં સરકારશ્રી દ્વારા જાહેર કરેલ નિયમોનું પાલન કરવામાં આવેલ.

### સાંધવ નગરે ચાતુર્માસ પરિવર્તન

પ.પૂ. મુનિરાજ શ્રી આર્યરત્ન સાગરજી મ.સા.નો ચાતુર્માસ પરિવર્તન પિતામ્બર શામજી પટેલના ઘરે કરાવવામાં આવેલ. સવારના કોઠારાથી વિહાર કરી. પ.પુ. સા.ભ. શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. પધારેલ તેમનું વાજતે ગાજતે સામૈયું કરવામાં આવેલ. સાથે કોઠારા સંઘ પધારેલ. સુથરીથી વિહાર કરી પ.પુ. મુનિરાજ શ્રી તપસ્વીરત્ન હીતવર્ધન સાગરજી મ.સા. પધારેલ. પુજ્યશ્રીનું સામૈયું કરવામાં આવેલ. બપોરના વિજય મુહર્તે શ્રી વર્ધમાન સક્રસ્વ અભિષેક રાખવામાં આવેલ. વિધિ માટે નિકેશ ગડા પધારેલ. પૂજનનો લાભ ચાતુર્માસના દાતા પરિવારો તરફથી રાખવામાં આવેલ. મુંબઇથી ૫૦ જણની સંખ્યામાં ભાવિકો પધારેલ.

ચાતુર્માસ પુર્ણાહુતિએ ત્રિહાન્હિકા મહોત્સવ રાખવામાં આવેલ. પ્રથમ દિવસ તા. ૨૮-૧૧-૨૦૨૦ના ચાતુર્માસ દાતા પરિવાર તરફથી પંચકલ્યાણક, બીજા દિવસે તા. ૨૬-૧૧-૨૦૨૦ના શત્રુંજય તિર્થની આરાધના ૧૦૮ ખમાસણા. માણેકજી લોડાયા પરિવાર, મુલુંડ વાળાએ લીધેલ. તા. ૩૦-૧૧-૨૦૨૦ના અભિષેક રાખવામાં આવેલ. પ્રભુજીની ભવ્યાતીભવ્ય આંગી રચાવવામાં આવેલ. કવીતા ખોના, શ્રેયા મોતા, તન્વી ડાઘા, જીત ખોના આંગીની રચના બનાવેલ. મહોત્સવ દરમિયાન અઠ્ઠતમ, છઠ્ઠ તપ, આયંબીલ - એકાસણાની સારી એવી તપસ્યા થયેલ. તા. ૪-૧૨-૨૦૨૦ના પ.પુ. મ.સા. કોઠારા તરફ વિહાર કરેલ. પ.પુ. સા.ભ. આનંદકરિણાશ્રીજી તા. ૧૨-૧૨-૨૦૨૦ના વિઝાંણ તરફ વિહાર કરેલ.

### શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી શ્રી કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડીંગ) ધુલીયા

તા. ૧૩-૧૨-૨૦૨૦ના રવિવાર સંસ્થાના મકાનમાં ધુલીયા મુકામે સંસ્થાની કારોબારી સમિતિ અને વાર્ષિક જનરલ સભા શ્રી દિનેશભાઇ રતિલાલભાઇ મૈશેરીની અધ્યક્ષતામાં સંપન્ન થઇ.

આચાર્ય ગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજસાહેબ તેમજ આચાર્ય ભગવંત શ્રી વીરભદ્રસૂરીશ્વરજી મહારાજસાહેબના સ્વર્ગારોહણ બદલ શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ. સંસ્થાના અધ્યક્ષ શ્રી તિલોકચંદભાઇ નરસીભાઇ દંડ (મલકાપુર), કારોબારી સદસ્ય શ્રી લક્ષ્મીચંદભાઇ ભવાનજીભાઇ લાપસિયા (જલગાંવ), શ્રી જયંતિલાલ જેઠાભાઇ મૈશેરી (અમલનેર), શ્રી લાલજીભાઇ ટોકરશીભાઇ લોડાયા (પાચોરા) આ મહાનુભવો અરિહંત શરણ થયેલ એમને સંસ્થા તર્ફે ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ.

નીચે મુજબ નુતન કારોબારી સમિતિની નિયુક્તિ એકમતીથી કરવામાં આવેલ. ૧) લલિતભાઇ વર્ધમાન લોડાયા (જલગાવ), ૨) શ્રી ભરતભાઇ નરશીભાઇ દંડ (મલકાપુર), ૩) શ્રી વિપુલભાઇ ગુલાબચંદ ડાઘા (અમલનેર), ૪) શ્રી હિમાંશુ લાલજીભાઇ લોડાયા (પાચોરા).

સંસ્થાના અધ્યક્ષપદે શ્રી દિનેશભાઇ રતિલાલભાઇ મૈશેરી બુરહાનપુર બહુમતથી નિમણૂંક કરવામાં આવેલ તેમજ ઉપાધ્યક્ષ તરીકે શ્રી ભરતભાઇ નરશીભાઇ દંડ (મલકાપુર)ની પસંદગી અને બહુમતથી નિમણુંક થઇ.

**Exclusive Embroidery & Upto date Finishing**
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

### લગ્ન સંબંધી

ડોંબીવલી સ્થિત જન્મ 1988, ઉંચી 5'.3", વજન 62 Kg, અભ્યાસ ગ્રેજ્યુએટ, હાલ વિદેશમાં સર્વિસ કરતા કુંવારા યુવક માટે કુંવારી કન્યાના વડીલો ફોટા, બાયોડેટા અને કુંડલી સાથે સંપર્ક કરે.
Contact: Keya **9167526088** • Email: itskeya@gmail.com

## ભલારા દાદા ભાવિક ગ્રુપ, વરંડી મોટી

વરંડી મોટી સ્થાનકે શ્રી ભલારા દાદા, સચ્ચાઈ માતા તથા ક્ષેત્રપાળ દાદાનો સમૂહ પાઠ, બંને દિવસે પહેડી તથા ધ્વજા મહોત્સવ તા. ૧૮-૧૨-૨૦૨૦ તથા ૧૯-૧૨-૨૦૨૦ બે દિવસ પૂજ્ય મુનિરાજ મલયસાગરજી મ.સા. તથા પૂ. રત્નાકર સાગરજી મ.સા.ના મંગલ આશિર્વાદે ચતુર્વિધ સંઘની હાજરીમાં તથા ગામવાસીઓની હાજરીમાં શ્રી મનોજભાઈ ધ્રોળ ના માર્ગદર્શનમાં ઉજવાયો.

ભાંડુપ ખાતે તા. ૨૧-૦૨-૨૦૨૧ ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે સમૂહ પહેડીનું આયોજન કરવામાં આવેલ છે.

## આશાબેન વસંત હીરાચંદ પોલડીયાનું સન્માન




આશાબેન વસંત હીરાચંદ પોલડીયાને અખિલ વડવલી સામાજીક મિત્રમંડળ અંબરનાથ તરફથી કોવિડ મહાયોધ્ધા તરીકે સન્માન કરવામાં આવ્યું.

## સાભાર સ્વિકાર

પ્રમિલા કુરૂવા ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી ત્રણ પુસ્તકો ૧) સત્યમ શિવમ સુંદરમ્ - ઉમરશી કુરૂવા, ૨) આનંદ મંગલ - પ્રમિલા કુરૂવા તથા ૩) પહેલું સુખ તે જાતે નર્યા - ચૌલા કુરૂવા પ્રાપ્ત થયા છે.

પ્રમિલા કુરૂવા ફાઉન્ડેશન - મો. 9913012120
ઈમેલ : pramilakuruwafoundation@gmail.com




### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

## સખીવૃંદ પૂણે




ડિસેમ્બર મહિનાની મિટિંગનું આયોજન કાનન જતીન ધરમશી એ વૂડ આર્ટ ટેક્નિક ના વિષય પર તા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ના ગૂગલ મીટ પર કર્યું. ઘરની સજાવટ ક્રિસમસ તહેવાર ને અનુલક્ષીને સાંતા કેપ્સ અને જાતે બનાવેલા જુદા જુદા આર્ટિકલસ થી કરી હતી. તે અંગેની વિસ્તૃત માહિતી આપી. જેમાં તેમની આગવી કળા કૌશલ્યતા નજરે ચઢી. સૌ સખીઓએ તેમની આ નવા આર્ટની ખૂબ પ્રશંસા કરી. આ ઉપરાંત આજની મિટીંગમાં સાતત્ય ના તૂટે તેવી પંરપરાને આગળ ધપાવતાં વધડિયો, મામેરાની વિધિ સાથે જ સાથીયાના ચોખા, પાનેતર અને નાળીયરનું મહત્વ અને આવી અનેક વિધિ - શાસ્ત્રની માહિતી પુષ્પાબેન લોડાયા અને લતાબેન મોમાયાએ સૂરીલા ગીતો સાથે રજૂ કરી. લેખા માલદે એ સૌનો આભાર માન્યો.

# પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**જાહ્નવી તાત્સુ વીરચંદ ધરમશી**

M.Com
**પ્રથમ વર્ષમાં 79%**

### વિશેષ નોંધ :

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **- તંત્રી મંડળ**

 સંકલન : **કેસરસિંહ ખોના**

### બાંધણી કસબી સહિત ૧૮ કારીગરોને પુરસ્કાર

કચ્છના બાંધણી કસબીઓને અવારનવાર રાજ્ય કે કેન્દ્ર સરકારના પુરસ્કારોની નવાજેશ થતી રહે છે. આ વખતે ભુજના સિકંદર ભચુ ખત્રી એ ગુજરાત સરકારનો આ પુરસ્કાર મંત્રી દિલીપભાઇના હાથે મેળવ્યો છે. જેમાં રૂા.૫૦,૦૦૦/-ની રકમ અને પ્રશસ્તી પત્રનો સમાવેશ થાય છે. સિકંદર ખત્રીના બાંધણી કસબની વિશેષતા જાણવા જેવી છે. પુરસ્કાર માટે પસંદ થયેલો નમૂનો છેક ૨૦૧૭મા તૈયાર કરેલો 'ગજી સિલ્ક'ના દુપટ્ટા પર 'રાસમંડળ'ની લાલ અને કાળા રંગની બાંધણીની વિશિષ્ટ ભાત ધરાવે છે. આ વિશિષ્ટ ભાતની કળા સૂઝ ઇનામોની હકદાર બની.

ભાઇ સિકંદર ભચુ પ્રચલિત અને નવી આવતી ફેશનને અનુરૂપ બાંધણી કળાનો ઉપયોગ કરે છે. સાથે જે તે સરકમ, દાણી, કણ અને પબળ જેવા બાંધણીના વિવિધ પ્રકારોમાં પણ નિષ્ણાંત છે.

સિકંદર ભચુ ઉપરાંત ખડકી, રોગાણ કળા સહિત બધા મળી કચ્છના ૧૮ કસબીઓને અટલ બિહારી વાજપેયીના જન્મ દિન-સુશાસન દિન નિમિત્તે રાજ્ય કક્ષાના પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

### માંડવીની ચિક્કી

માંડવીની ચિક્કી અને ગુબીત લોકપ્રિય થઇ રહ્યા છે. દેશના વિવિધ ભાગોથી આવતા પ્રવાસીઓ પાછા વળતા સંભારણા તરીકે માંડવીની ગુબીત અને ચિક્કી લઇ જાય છે. આ ચિક્કીની ફરમાઇસ વિદેશ જતા લોકામાં પણ જોર પકડી રહી છે.

### વૈશાલી કતીરાને ત્રીજીવાર ફ્યુઝન શેફ એવોર્ડ

મુંબઇ સ્થિત ગ્રોઇંગ બડીઝ અને ટાઇમ્સ ઑફ ઇંડિયા આયોજિત ઓન લાઇન એન્ટપ્રેન્યોર એવોર્ડ પ્રતિસ્પર્ધામાં અંજારના વૈશાલી કતીરા સતત ત્રીજી વાર વિજેતા જાહેર થયા છે. આ સ્પર્ધામાં દેશના અલગઅલગ ક્ષેત્રના નિપુણ વ્યક્તિઓને એવોર્ડ એનાયત કરાયા હતા.

### દુર્લભ યલોફૂટેડ ગ્રીન પીઝન

દુર્લભ, કચ્છમાં ભાગ્યેજ દેખા દેતું ''યલોફૂટેડ ગ્રીન પીઝન'' આ વખતે, ઘણા વર્ષો બાદ જોવા મળ્યુ છે. આ પક્ષી ૧૫ થી ૨૦ના ટોળામાં રહે છે.

### માખીખોર દૂધરાજ

બર્ડ ઑફ પેરેડાઇઝ તરીકે કવિકલ્પના ધરાવતું દૂધરાજ પક્ષી પણ હવે કચ્છમાં દેખાવા લાગ્યું છે. મૂળ બગીચાઓમાં રહેવાનું પસંદ કરતું આ પક્ષી માખી ખાય છે.

### હેમન્ત શાહ ઓફિક ના ડિરેક્ટર નિમાયા

ઓવરસીઝ ફ્રેન્ડસ ઑફ ઇન્ડિયા ઇન કેનેડાના (ઓફિક) બોર્ડ પર હેમન્ત શાહને ડિરેક્ટર નીમવામાં આવ્યા છે. હેમન્ત શાહની જવાબદારી ભારત કેનેડા વ્યાપાર સંબંધ મજબૂત બનાવવાની રહેશે. ઓફિક ભારતીય હાઇ કમીશનના સહયોગમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. અત્રે નોધવું રહ્યું કે હેમન્તભાઇ ચાર દાયકાથી વધુ સમયથી કેનેડામાં વ્યવસાયની સાથે ભારત સાથે વ્યાપર સંબંધો વિકસાવવા અને મજબૂત કરવા પ્રયાસ કરતા રહે છે.

### સ્ટેચ્યુ ઑફ યુનિટી મ્યુઝિયમ

ગુજરાત સરકારે સ્ટેચ્યુ ઑફ યુનિટી પરિસરમાં દેશના ૫૬૨ નાના મોટા રજવાડા વિષયક ખાસ મ્યુઝિયમ તૈયાર કરવાનો નિર્ણય લીધો છે. જેમાં ગુજરાત ઉપરાંત દેશભરના રજવાડાઓના ઇતિહાસ, તેમની લાક્ષણિકતાઓ સહિત અનેક બાબતો રજુ કરવામાં આવશે. આથી નવી પેઢીને દેશના નિર્માણમાં તેમના યોગદાનની માહિતિ, ઇતિહાસનું જનતાને જ્ઞાન મળશે.

### મોથાળાના પ્રિન્સીપાલનો વિદાય સમારંભ

મોથાળાની સ્કૂલમાં ભણીને શિક્ષક અને પછી પ્રિન્સીપાલ બનેલા અહીંના જ સુરૂભા કુંભાજી સોઢાની નિવૃત્તિ પ્રસંગે વિદાયમાન સમારંભમાં આખું ગામ ઉમટ્યુંહતું.

### નેપાળનું ડાકુ ગિધ કચ્છમાં

નેપાળના હિમાલય વિસ્તારનો નિવાસી ડાકુ ગિધ કચ્છના ખડીર અને આસપાસના વિસ્તારમાં જોવા મળ્યું છે. ગુજરાતમાં અમુક વિસ્તારમાં સ્થાનિક ગિધ જોવા મળે છે. કચ્છમાં નાશ પામી રહેલા ગિધની વસ્તી માંડ બે આંકડામાં અંદાજાય છે. ત્યારે આ પરદેશી ગિધની સલામતીના પગલાં વનવિભાગ દ્વારા લેવાઇ રહ્યા છે.

ગિધ ખાસ કરીને મૃત શરીરનો ખોરાક લેતા હોઇ વન વગડામાં કે ક્યાં મૃત શરીર દેખાય તો આરોગી કુદરતી સફાઇ કામદારની ફરજ બજાવે છે.

### આરિખાણામાં અલભ્ય 'વીજુ' ને જીવતદાન

આરિખાણા (અબડાસા)ના એક અવાવરૂ કુવામાં સપડાયેલા 'વીજુ' તરીકે કચ્છમાં ઓળખાતા અલભ્ય પ્રાણીને ગામના યુવાનો તથા વન વિભાગના કર્મચારીઓએ બચાવી વગડામાં છોડી દીધું હતું. ઘરોડી કે મગર જેવું દેખાતું

આ પ્રાણી હવે કચ્છમાં ભાગ્યે જ જોવા મળે છે.

**ભુજ સ્થાપના દિનની શુભકામના**

કચ્છની શાન રાજાશાહીની રાજધાની અને જિલ્લાનું વડું મથક ભુજ સ્થાપનાના ૪૭૩ વર્ષ પૂરા કરીને ૪૭૪માં વર્ષમાં પ્રવેશ્યું છે તે પ્રસંગે સતત પ્રગતિશીલ રહે એવી શુભકામના.

**કોઠારામાં સસ્તા શાકભાજી**

કોઠારા ગામે હાલ શાકભાજી ખૂબ સસ્તા મળી રહી છે. મળતા અહેવાલો પ્રમાણે માંડવીના એક શાકભાજી વ્યાપારી ટેમ્પો ભરી શાકભાજી રૂા. ૧૦-૨૦ના ભાવે વેંચી જાય છે. નોંધવાની વાત છે કે તાલુકા મથક નલિયામાં કોઠારાથી ચારગણા ભાવે શાકભાજી વેચાઇ રહ્યા છે.

**કાપડ મિલની સ્થાપનાના સંકેત**

આંતરરાષ્ટ્રીય સ્તરની કાપડ ઉત્પાદક કંપની એસવીપી ગ્લોબલ વેન્ચર લિ. એ પોતાના નવા વિશ્વસ્તરીય આધુનિક પ્રોજેક્ટ માટે કચ્છની પસંદગી કરી છે.

મુંબઇમાં મુખ્ય મથક ધરાવતી આ કંપનીએ કપાસ ઉત્પાદક કેન્દ્રોમાં પોતાના પ્લાંટ સ્થાપ્યા છે. કચ્છની પસંદગીનું એક મહત્વનું કારણ સ્થાનિક લગભગ ૨૦ લાખ ટન કપાસનું ઉત્પાદન છે. કંપનીના સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે કચ્છના કપાસની દેશ અને વિદેશમાં નોંધપાત્ર માંગ છે. અનેક કાપડ નિર્માતા કંપનીઓ કચ્છના કપાસનો કાચા માલ તરીકે વિશેષ ઉપયોગ કરે છે.

**કચ્છના અંગુર**

ડ્રેગન ફ્રૂટથી કાજુની ખેતીના કચ્છમાં થઇ રહેલા પ્રયોગના પગલે પગલે હવે દ્રાક્ષ (અંગુર)ની ખેતી પણ સફળતાને વરી છે. નખત્રાણાના રામપર રોહાના ખેડૂતે અંગુરની ખેતીમાં ઝંડો લહેરાવ્યો છે.

રામપર રોહાના અનેક પુરસ્કાર મેળવી ચૂકેલા પ્રગતિશીલ ખેડુત ઈશ્વરભાઇ સાંખલા (પાટીદાર)ને નોંધપાત્ર સફળતા મળી છે. ઈશ્વરભાઇ પોતાના આઠ એકરના ફાર્મમાં દ્રાક્ષ (અંગુર)નું વાવેતર છેલ્લા ચાર વર્ષથી કરી રહ્યા છે અને વર્ષે ૨૫ ટન જેટલું ઉત્પાદન મેળવે છે.

અંગુરના વેલા માંચડે ચઢાવીને લગભગ બે વર્ષ યોગ્ય ધ્યાન આપવું પડે ત્રીજે વર્ષે પાક આવે છે. આમાં એક એકર દીઠ ૯૫૦ વેલા ઉભા કરી શકાય હાલ તેમની વાડીમાં લગભગ ૭૦૦૦ જેટલા વેલા ઉછરી રહ્યા છે. હાલ કચ્છમાં અંગુરની આવક ઓછી હોવાથી બધો માલ હાથો હાથ ઉપડી જાય છે.

**વીમા જગતના ઉભરતા સિતારા**

આપણી જ્ઞાતિના અનેક ભાઇ બહેનો વીમા ક્ષેત્રે વિવિધ સ્તરે નામ ઉજાળી રહ્યા છે. એમાં હવે નવા નામ ઉમેરાયા છે. સૌ. ભૂમિકા દેવેશ સોમચંદ દંડ, મિતેશ પી. શાહ અને સુનીલ મોમાયા.

**ભૂમિકા દંડ :** મલકાપુર ખાતે સ્થાયી વરાડિયાના સૌ. ભૂમિકા દેવેશ સોમચંદ દંડ છેલ્લા ૧૨ વરસથી જીવન વીમા (લાઇફ ઇન્સ્યોરેન્સ) ક્ષેત્રે કેરિયર વિકસાવી રહ્યા છે અને હાલમાં જ જેમણે વર્ષ ૨૦૨૧ની મિલિયન ડૉલર રાઉન્ડ ટેબલ (એમડીઆરટી) માટે ક્વૉલીફાઇ થયા છે. ભૂમિકાબેન છેલ્લા પાંચ વરસથી જીવન વીમા ક્ષેત્ર એલઆઇસી એજન્ટ છે. નોંધપાત્ર હકીકત એ છે કે ભૂમિકાબેન મલકાપુર વિસ્તારના પ્રથમ મહિલા એજન્ટ છે જેણે આ માનભરી યોગ્યતા હાંસલ કરી હોય.

**મિતેશ પ્રવીણચંદ્ર શાહ :** સાંધાણના જલગામ નિવાસી મિતેશ પ્રવીણચંદ્ર કાંકણ (શાહ) ૨૦૦૮ થી ઇન્સ્યોરન્સ એજન્ટ છે. છેલ્લા આઠ વર્ષથી દર વર્ષે એમઆરડીટી ક્વાલીફાય થયા છે. મિતેશભાઇ બી કોમની ડિગ્રી ધરાવે છે અને જ્ઞાતિના તરૂણ તરૂણીઓને વીમાની એજન્સી લેવાની ભલામણ કરતાં કહે છે કે મર્યાદિત પગારની આઠ દસ કલાકની નોકરી કરતાં વીમા એજન્ટ બનવું જાઇએ જે મહીને માતબર આવકની સાથે આગળ સતત કમિશનની આવક બની રહે છે.

**સુનીલ એમ. મોમાયા :** ગદગ કર્ણાટક ખાતે સુનીલ માલશી મોમાયા પણ બીજી વખત એમડીઆરટી લેવલ પાર કરવામાં સફળ રહ્યા છે.

**કરિશ્મેટિક કિડ આરના કુણાલ છેડા**

નાના બાળકોને જૈન ધર્મનું શિક્ષણ આપતી શાઇનિંગ સ્ટાર પાઠશાળા થાણા દ્વારા તાજેતરમાં, પાર્શ્વનાથ દાદાના જન્મ - કલ્યાણક પ્રસંગે પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ સ્વરૂપોમાંથી એક પર ત્રણ મિનિટનો વિડિયો બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી હતી. મુલુંડવાસી સુથરીની કરિશ્મે ટિક કિડ આરના કુણાલ બીપીન છેડા (વય ૮ વર્ષ) એ ઉજ્જૈનના અવંતી પાર્શ્વનાથ તીર્થનો વીડિયો રજુ કર્યો હતો.

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

BEING JAIN

# In 2021, Let us RESOLVE TO DISSOLVE !

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



It's the beginning to a new year, to an altogether new decade. As I put my pen to paper, it's been raining wishes and pouring resolutions all around! A question naturally pops up in my mind, "what should be our resolution for the year? " While I wonder what it is that I want to see distinctly different in 2021, I journey through the panorama of events and emotions that I have been a witness to, during 2020:

Disbelief and shock over the unfolding COVID 19 crisis, deep fears, worry, and anxiety about health and access to health care, sadness and sense of helplessness, stress shooting up through the roof due to the challenges in managing widespread disruption and the severity of the resulting financial crunch, coupled with concerns about the future and finally such irritability, and anger that it made people emotionally numb. I want this smog of misery to lift; I want it to dissolve in thin air. And slowly a resolution emerges on my mind's screen: "Resolve to dissolve!"

The question is:

1. "Can a resolution change a situation?"

The answer is a definite 'no'. Then comes the next question:

2. "How can a mere resolution turn a global crisis into a 'Kudrat ka Karishma- a blessing in disguise'?"

The answer is: Give up old self-destructive habits and adopt the Jain viewpoint, the Jain way in every walk of life!

• Dissolve rage and rudeness and practice forgiveness.

• Discard arrogance and cultivate humility.

• Do away with deceit and be straight forward.

• Unplug excessive greed and learn contentment.

• Give up over-consumption and exercise self-control.

• Let truthfulness and honesty not just be your 'best policy' but your true identity.

• Shun show-off and make simplicity your new way of life.

• Practice non-attachment not on a daily but an hour to hour basis. Bury the bad habit of over-possessiveness.

• Be ever-ready to sacrifice petty worldly gains for the sake of greater good.

• Stop seeking pleasure, seek your inner treasure instead.

If we do only this much; if we firmly act by our resolve and if we make this new way of life our new 'normal', trust will grow where there's only disbelief, faith will replace fears, anxiety will give way to a patient calm and hope will overpower helplessness!

We bid farewell to a year in which many of us suffered colossal scars of loss, pain and sorrow. But through this very pain, we understood the preciousness of this life. The brighter side of the story was that we learnt thankfulness and gratitude for every single small or big blessing. It was like reliving our childhood days when small pleasures meant a great deal and little gestures of love and kindness touched us. So let's celebrate this new year like a rebirth and look forward to the coming year 2021 through newer perspectives that come through new learning. Let's rebuild with compassion, care and courage and an unmoving faith in our 'Resolve to dissolve'! Let's welcome the new year with a conviction that; as Ella Wheeler Wilcox would put it:

"There is no chance, no destiny, no fate, that can hinder or control the firm resolve of a determined soul." Let our Resolution 2021 become our spiritual vaccine- one with 100% efficacy and with no need for a government approval!

**Over View**

## FOUR DOZEN YEARS OF MARRIED LIFE KULFI

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



In Bangalore near our home there was a Kulfi stall known as Sriraj. We frequently visited it. Only Stick Kulfi. Cost was 50 paise per stick in those days of mid seventies. This Kulfi taught us few things about leading a pleasant and purposeful married life.



1. While eating Kulfi, if you talk too much or start arguing, it will melt away and only stick will remain. So also is true in married life.
2. Buy Kulfies of two flavours and share them so that both of us have a taste of both the flavours. Sharing and caring is the other name of a happy married life.
3. While eating Kulfi your attention should be on eating. You may not start eating it from the middle etc. Every bite is to be relished before the Kulfi is over. Life and especially the married life, should be focussed and lived with acceptance and adjustment on a day today basis.
4. While eating Kulfi do not look at Kulfies of others as to why they are still eating and yours is over. This trait of comparison creates innumerable self- invited problems and which have no solutions. It is a recipe for a dish called unhappiness. So avoid comparison and enjoy your moment.
5. Play safe and take precautions. Hold a tissue paper or a hand below the kulfi while eating so that you do not make your mouth or dress messy or a portion of Kulfi falls down and wasted. So also in married life take precautions like availing insurance, saving plans, thoughtful speaking etc. Otherwise you will make life of both messy.
6. Do not lick the stick of the Kulfi. It will spoil the taste of your mouth. Similarly do not stick on to the past or regrets. God gives us one fresh kulfi every morning. Make the best out of it. As we all are mortals, if our day is taken care of, the entire Life will be well lived.
7. A Tasty Kulfi is a judicious mix of milk, sugar, flavours and coolness. Similarly, our successful married life is an admixture of many facets and qualities of head and heart.

In view of the above, both of us thank the Stick Kulfi of Sriraj for teaching us lessons to live a married life of unending happiness with a purpose.

**આશાની નદી...**

## ધીરજના ફળ મીઠા હોય

નિરવ પ્રફુલ દંડ, ડોંબીવલી
મો.: ૯૮૨૧૬ ૧૭૩૭૭



ગુજરાતીમાં કહેવત છે કે ''ધીરજના ફળ મીઠા હોય'' પોતાના ચારિત્ર્યના ઘડતર માટે ધીરજ આ ગુણ હોવું જરૂરી છે. એક ખેડુતને પણ પાકના ઉત્પાદન માટે ધીરજ રાખવી પડે છે. જીવનમાં કોઈપણ ચીજના નિર્માણ માટે ઘણો સમય લાગે છે પણ વિનાશ ક્ષણોમાં થઇ જાય છે. સફળતા પામવા માટે કોઇ શોટકર્ટ નથી હોતો જો તમને સફળ થવું હોય તો પરિશ્રમ અને ધીરજનો કોઇ વિકલ્પ નથી. જો માણસ ધીરજ રાખે તો તેને ધીરજના ફળ જરૂર મળે છે. જીવનમાં તુરંત કશું મળતું નથી. ઉતાવળે તો આંબા પણ પાકતાં નથી લાંબુ સંઘર્ષ કરવા માટે ધીરજ રાખવી પડે છે. સસલા અને કાચબાની વાર્તામા કાચબો એટલે જીતી જાય છે કારણ કે તેની પાસે ધીરજની સાથે સાતત્ય પણ હોય છે. જીવનમાં ધીરજની સાથે સતત પોતાના ધ્યેય તરફ આગળ વધતાં રહેવું જોઇએ.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મનીષ લક્ષ્મીચંદ શામજી નાગડા (ભગાડ)**<br>(PS 5549) ગામ – નલીયા | ફ્લેટ નં. 13, ત્રીજે માળે, કે.ડી.ઓ. રેસીડન્સી અપાર્ટમેન્ટસ, મનોજ પેરેડાઈઝ લે–આઉટ, ફેસ ૧, સંસ્કાર સ્કુલની પાસે, ઓફ કૂસુગુલ રોડ, હુબલી (KR) 580 023. મો.: 094803 24895 |
| **વરૂણ વિરેન્દ્ર દામજી છેડા**<br>(PS 5714) ગામ – સુથરી | 9, બીજે માળે, આલે અપાર્ટમેન્ટ, પૂનિત આશ્રમ રોડ, નેલ્સન હાઈસ્કૂલની સામે, મણીનગર અમદાવાદ (GJ) 380 008. મો.: 091736 28885 (ભાવના), 084011 35934 (વરૂણ) |
| **સુનિલ સ્વરૂપચંદ જેઠાભાઈ છેડા**<br>(PS 5074) ગામ – તેરા | RDL-61/A/4, કેર એન્ડ ક્યોર હોસ્પીટલ પાસે, ન્યુ કોલોની, GIDC, અંકલેશ્વર (GJ) 393 002. મો.: 098981 05002 |
| **સમીર સ્વરૂપચંદ જેઠાભાઈ છેડા**<br>(PS 5057) ગામ – તેરા | RDL-61/B/4, કેર એન્ડ ક્યોર હોસ્પીટલ પાસે, ન્યુ કોલોની, GIDC, અંકલેશ્વર (GJ) 393 002. મો.: 097730 46952 |
| **શ્રીમતી લીલાવંતી સુરેશ કુંવરજી દંડ**<br>(PS 2079) ગામ – ભરૂડિયા | 201, પ્રગતિ કો.હા.સો., બેંક ઓફ બરોડાની પાસે, ૯૦ ફુટ રોડ, ગવનપાડા, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ – 400 081. મો.: 097690 53048 |
| **દિનેશ જેઠાભાઈ માણેકજી લોડાયા**<br>(PS 2343) ગામ – આરીખાણા | 103, પંચ લીલા બીલ્ડીંગ, પંચ સૃષ્ટિ કોમ્પેલેક્ષ, રોડ, IRB પવઈ, મુંબઈ – 400 076. મો.: 096195 03606 |
| **તુષાર ઠાકરશી શીવજી ખોના**<br>(PS 3203) ગામ – તેરા | B-18, ત્રીજે માળે, ગૌરીસૂત કો.હા.સો., શ્રીખંડે વાડી, પદ્મશ્રી હોસ્પિટલ પાસે, માનપાડા રોડ, ડોંબીવલી (ઈસ્ટ) – 421 201. મો.: 098334 83540 |
| **વિજય વિરચંદ ગોવિંદજી જૈન (વિકમશી)**<br>(PS 5147) ગામ – પરજાઉ | 103, પ્રેમ અપાર્ટમેન્ટ, સર્વોદય સોસાયટી, તીન બત્તી, નાની દમણ (GJ) 396 210. મો.: 093747 88777 / 098258 72283 |
| **અશોક હિરજી ખીમજી લોડાયા**<br>(PS 1480) ગામ – જખૌ | 505, મનીષા પ્રાઈડ, જવાહર લાલ નેહરૂ રોડ એન્ડ આરએચબી રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080. મો.: 098670 36023 / 098677 20399 |
| **જેસલ દિનેશચંદ્ર કુંવરજી સાયલા**<br>(PS 2101) ગામ – સુથરી | 301, ગણેશ કૃપા, ડૉ. આંબેડકર રોડ, અરિહંત બેંકની પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080. મો.: 099208 72747 |
| **રાકેશ ગુલાબચંદ દામજી શાહ (ધરમશી)**<br>(PS 2839) ગામ – સાંધાણ | PC-12, વર્ધમાન નગર, જૈન મંદિર પાસે, ભૂજોડી, ભુજ, કચ્છ (GJ) 370 020. મો.: 090286 76539 |
| **નીતિન ઉમરશી રામૈયા ધરમશી**<br>(PS 4987) ગામ – સુથરી | B-201, વસંત વિહાર એનેક્ષ, પી એન્ડ ટી કૉલોની, ગાંધીનગર, ડોંબીવલી (ઈસ્ટ) (MH) 421 201. મો.: 098988 49107 |
| **વિમલ કાનજી લધાભાઈ મૈશેરી**<br>(PS 974) ગામ – જખૌ | ફ્લેટ નં. ૪, બીજે માળે, પરમ કેશવ બાગ, નવરોજી લેન, કોસમોસ બેંકની સામે, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - 400 086. મો.: 099304 17665 |
| **કિરણ જયંતિલાલ લાલજી નાગડા**<br>(PS 3094) ગામ – રંગપુર | C-303, દેવદર્શન, આદેશ્વર પાર્ક, કલ્યાણ, બેલ બજાર રોડ, APMC માર્કેટ પાસે, કલ્યાણ (વેસ્ટ) MH 421 301. મો.: 093225 13926 |

| | |
|---|---|
| ગુલાબચંદ શામજી લધાભાઈ ખોના<br>(PS 5545) ગામ - નલીયા | ફ્લેટ નં. ૧૪, ત્રીજે માળે, કેડીઓ રેસીડન્સી અપાર્ટમેન્ટ,<br>મનોજ પેરેડાઈઝ, ફેઝ ૧, પ્લોટ નં. ૧૩૮, સંસ્કાર સ્કૂલની પાસે,<br>કૂસુગુલ રોડ, કેશવાપૂર, હુબલી (KR) 580 023.<br>મો.: 070191 78536 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૯-૭-૨૦ | અંકલેશ્વર | સ્વયંમ, તોરલ ચિંતેશ નરેન્દ્ર મૈશેરી (જોડીયા) | નાની સિંધોડી | પુત્ર |
| ૯-૭-૨૦ | અંકલેશ્વર | સાયના, તોરલ ચિંતેશ નરેન્દ્ર મૈશેરી (જોડીયા) | નાની સિંધોડી | પુત્રી |
| ૨૩-૧૧-૨૦ | ડોંબીવલી | સિયા, સ્નેહલ સમીર લોડાયા | મંજલ રેલડીયા | પુત્રી |
| ૨૭-૧૧-૨૦ | ડોંબીવલી | અનેરી, દિપ્તી ભાવેશ ટોકરશી લોડાયા | કોઠારા | પુત્રી |
| ૨૮-૧૧-૨૦ | જલગામ | અનાયા, કાજલ દિપ નીતીન લોડાયા | કોઠારા | પુત્રી |
| ૨૦-૧૧-૨૦ | હુબલી | ખ્વાઇશ, રશ્મિ મયૂર મહેશ મોમાયા | વરાડીયા | પુત્રી |
| ૪-૧૨-૨૦ | પૂના | હેતવી, સુપ્રિયા આકાશ દિપક લોડાયા | સાંયરા | પુત્રી |
| ૧૮-૧૨-૨૦ | સેંધવા | જીયાંશ, ભાવિકા ભાવીન તરૂણ મોમાયા | બારોઇ | પુત્ર |
| ૧૯-૧૨-૨૦ | સિ વુડસ નેરૂલ | સિયા, રાજુલ વરૂણ અશોક નાગડા | રંગપુર | પુત્રી |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩-૧૨-૨૦ | ચાલીસગામ | અંકિત કિશોર મણીલાલ ધુલ્લા | ભરૂડિયા | ૩૨ |
| | ઘાટકોપર | મીત્તલ રાજેન્દ્ર રાયચંદ ખોના | ધ્રાફા | ૨૪ |
| ૨૦-૧૨-૨૦ | ડોમ્બીવલી (USA) | સાગર ભરત પદમશી મોમાયા | જખૌ | ૨૭ |
| | આદિપુર | ભૂમિ જયેશ કુલીનકાંત લોડાયા | રવા | ૨૫ |
| ૨૦-૧૨-૨૦ | બેંગલોર | સંદિપ ઉદય શાંતિલાલ લોડાયા | સાંયરા | ૨૯ |
| | ગદગ | તેજલ જયેશ ત્રિકમજી લોડાયા | કુઆપધર | ૨૫ |
| ૨૮-૧૨-૨૦ | મલકાપુર | નિખિલ ઉત્તમચંદ દેવશી દંડ | વરાડીયા | ૨૯ |
| | ડોંબીવલી | પાયલ દિપક વીરચંદ લોડાયા | સાંધવ | ૨૩ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૧૦-૨૦ | ગદગ | અર્પિત હિતેન્દ્ર ખીમજી વોરા | દેવપર | - |
| | ગદગ | હિરલ ગીરીશ કુંવરજી નાગડા | નલીયા | ૨૫ |
| ૨૯-૧૧-૨૦ | થાણા | અક્ષત દિલીપ પદમશી નાગડા | રંગપુર | ૨૪ |
| | મુલુંડ | નેહા દિનાનાથ કોટાવલે | સિલ્લોડ | - |
| ૨૧-૧૨-૨૦ | પેન | આકાશ પરેશ શામજી ઠક્કર | સાંયરા | ૨૩ |
| | થાણે | દિક્ષીતા પંકજ ભાણજી લોડાયા | ભરૂડિયા | ૨૬ |
| ૨૩-૧૨-૨૦ | માટુંગા | મિત અશ્વિન જયંતીલાલ વોરા | રાજપરા | ૨૭ |
| | માટુંગા | ઝેનીશા નરેન્દ્ર રતિલાલ નાગડા | જખૌ | ૨૭ |
| ૨૭-૧૨-૨૦ | કોઇમ્બતુર | દર્શન ભૂપેન સુરેશ મૈશેરી | જખૌ | ૨૪ |
| | અમ્બાલા | પારૂલ ભારતભૂષણ મોહિદંરલાલ જુલ્કા | અમ્બાલા | - |
| ૨૮-૧૨-૨૦ | અંબરનાથ | અભિલાષ ક્રીષ્ણન નારાયણન | શોરનૂર | ૩૨ |
| | ડોંબીવલી | ઊર્મિ તિલકચંદ ત્રિકમજી મૈશેરી | સાંધાણ | ૩૩ |

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૧૧-૨૦ | ભાંડુપ | નિખીલ મહેન્દ્ર ઠાકરશી | રાપર | ૨૫ |
| | અમદાવાદ | આરતી લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી | બાંડિયા | - |
| ૨૭-૧૧-૨૦ | ડોંબીવલી | અક્ષર લહેરચંદ લોડાયા | રાપર | - |
| | અંતરજાલ | સમતા પ્રદિપ ખોના | સાંધવ | - |
| ૩૦-૧૧-૨૦ | યવતમાલ | હર્ષલ નીલેશ દિનેશચંદ્ર લોડાયા | નલીયા | ૨૭ |
| | કોચીન | હેમલ સંજય પ્રેમચંદ ગોસર | બારોઇ | ૨૫ |
| ૧-૧૨-૨૦ | ભૂજોડી | જય દિપક ગુલાબચંદ દંડ | સુથરી | ૩૨ |
| | ગોપાલપૂરી | માનસી ભાવેશ મેઘજી કુરૂવા | ગોધરા | - |
| ૨-૧૨-૨૦ | અમદાવાદ | તિર્થેશ વર્ધમાન હિરજી લોડાયા | કોઠારા | ૩૫ |
| | ગોપાલપૂરી | ભૂમિકા રમેશ લાલજી મોમાયા | સાંયરા | - |
| ૭-૧૨-૨૦ | અમદાવાદ | સંદિપ નવીનચંદ્ર કેશવજી મોતા | લાખણીયા | ૩૦ |
| | ડોંબીવલી | પ્રેરણા મુકેશ માણેકજી લોડાયા | તેરા | - |
| ૮-૧૨-૨૦ | ખારઘર | ધ્રુવિન જયેશ પોપટલાલ ધરમશી | ગોરખડી | ૨૮ |
| | ઠાકુર્લી | દિવ્યા પંકજ હિરજી માલદે (ડાઘા) | દલતુંગી | ૨૭ |
| ૮-૧૨-૨૦ | ઠાકુર્લી | હરમેશ પંકજ હિરજી માલદે (ડાઘા) | દલતુંગી | ૩૦ |
| | ડોંબીવલી | હેમલ નીતિન પાસુભાઇ લોડાયા | મોટી ખાવડી | - |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૧૧-૨૦ | ધુલીયા | વિરમ પ્રદીપ ચંદ્રકાંત લોડાયા | વારાપધર | - |
| | દાદર | પરિધી સંજય પ્રવિણચંદ્ર અજમેરા | ચૂડા-ગુજરાત | - |
| ૩૦-૧૧-૨૦ | ભાંડુપ | નિશીલ રાજેશ નારાણજી ખોના | તેરા | ૩૧ |
| | થાણા | પ્રાચી પ્રકાશ રણછોડદાસ રાજગોર | ભુજપૂર | - |
| ૩૦-૧૧-૨૦ | ભાંડુપ | ઉમેશ હિરાચંદ ઉમરશી મૈશેરી | સાંધાણ | ૪૮ |
| | બેંગલુરૂ | વિનુ પૌલ | બેંગલુરૂ | ૩૭ |
| ૩-૧૨-૨૦ | ભાંડુપ | જશ ધીરેન હિરાચંદ મૈશેરી | સાંધાણ | ૨૫ |
| | ભાંડુપ | પ્રાચી જયેશ નાગજી ગાલા | પત્રી | ૨૩ |
| ૭-૧૨-૨૦ | બેંગલુરૂ | રાહૂલ ઉત્તમચંદ અંબાલાલ ઓસવાલ | બીકાનેર | - |
| | બેંગલુરૂ | ઝલક વસંત લખમશી લોડાયા | મોટી સિંધોડી | ૨૧ |
| ૮-૧૨-૨૦ | અંધેરી | ગીત લવેશ જયંતિલાલ વાણી | ઇંદોર | - |
| | ભાંડૂપ | હિતીક્ષા હરીશ નવીનચંદ્ર નાગડા | રંગપુર | ૨૮ |
| ૧૧-૧૨-૨૦ | મુલુંડ | નિશાદ ગુલાબ કલ્યાણજી મૈશેરી | માંડવી | ૩૧ |
| | મુલુંડ | ભાગ્યશ્રી ગજાનન કાશીનાથ તાંબે | માંડવી | - |
| ૧૧-૧૨-૨૦ | થાણા | અમન જયપ્રકાશ પુરૂષોત્તમ કેડીયા | ભાગલપૂર | - |
| | લોવર પરેલ | જાહનવી ભરત પોપટલાલ દંડ | લૂણી | ૨૩ |
| ૧૨-૧૨-૨૦ | નવસારી | થવીર ઠાકરશી માણેકજી ધરમશી | કોઠારા | ૩૫ |
| | સુરત | ટવિન્કલ રાજેશભાઇ રામનભાઇ પટેલ | સુરત | - |
| ૨૩-૧૨-૨૦ | ઘાટકોપર | કુણાલ ભુપેન્દ્ર ચંદ્રકાંત છેડા (શાહ) | નલીયા | ૨૬ |
| | ઘાટકોપર | શ્રી જયંતી લાલજી પાલન | નખત્રાણા | ૨૬ |

## છૂટાછેડા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૭-૧૧-૨૦ | મુલુંડ | કુનાલ મહેન્દ્ર મોમાયા | વરાડીયા | ૩૫ |
| | મુલુંડ | જીનલ ભરત માલદે | દલતુંગી | ૨૯ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૧૨-૨૦ | રાજકોટ | કૌશીક ત્રિકમલાલ પરીખ (ભૂલસુધાર)<br>લીલાવંતી ગોવિંદજી લોડાયા (અજાણી)ના જમાઇ | | ૬૨ |
| ૧૯-૧૨-૨૦ | માંડવી | રેખાબેન શામજી નરશી શિઆલ | જખૌ | ૫૯ |
| ૧૯-૧૨-૨૦ | ડોંબીવલી | વનમાલા પદમશી માલસી મોમાયા | મોટી સિંધોડી | ૭૪ |
| ૨૦-૧૨-૨૦ | કોઇમ્બતુર | બાંયાબાઇ ખીમજી ભોજરાજ લોડાયા | સાંયરા | ૯૦ |
| ૨૦-૧૨-૨૦ | ચૂનાભઠ્ઠી | ચંપાબેન ભવાનજી દેવશી ગોશર | બારોઇ | ૭૨ |
| ૨૩-૧૨-૨૦ | મુલુંડ | જવેરચંદ રાયચંદ કુંવરજી ભેદા | વારાપધર | ૭૨ |
| ૨૫-૧૨-૨૦ | ભૂજોડી | હેમંત લક્ષ્મીચંદ પત્રામલ છેડા | સુથરી | ૪૪ |
| ૨૫-૧૨-૨૦ | કોચીન | મંજુલાબેન કેશવજી જીવરાજ ધરમશી | ભરૂડીયા | ૭૬ |
| ૨૭-૧૨-૨૦ | ઓરંગાબાદ | પ્રદીપ જેઠાભાઇ રતનશી મોમાયા | વરાડીયા | ૬૦ |
| ૨૯-૧૨-૨૦ | મોટી ખાવડી | સુભાષ ખીમજી રાયસી લોડાયા | મોટી ખાવડી | ૬૫ |
| ૩૧-૧૨-૨૦ | ડોંબીવલી | હંસકુમાર મનસુખલાલ પાસુભાઇ ખોના | મોટી ખાવડી | ૪૭ |
| ૩૧-૧૨-૨૦ | ચેંબુર | મુલજી માણેકજી કેશવજી લોડાયા | સાંધવ | ૮૪ |
| ૩૧-૧૨-૨૦ | હુબલી | ઇંદુમતીબાઇ વીરચંદ નારાણજી નાગડા (પટેલ) | નલીયા | ૮૧ |

# LOCK_DOWN EFFECT

What_sort_of_change_I...am... feeling following very interesting lines, which i would like to share with you all...

• After loving my parents, my siblings, my spouse, my children, my friends, now I have started loving myself.

• I just realized that I am not "Atlas". The world does not rest on my shoulders.

• I now stopped bargaining with vegetables & fruits vendors. After all, a few Rupees more is not going to burn a hole in my pocket but it might help the poor fellow save for his daughter's school fees.

• I pay the taxi driver without waiting for the change. The extra money might bring a smile on his face. After all he is toiling much harder for a living than me.

• I stopped telling the elderly that they've already narrated that story many times. After all, the story makes them walk down the memory lane & relive the past.

• I have learnt not to correct people even when I know they are wrong. After all, the onus of making everyone perfect is not on me. Peace is more precious than perfection.

• I give compliments freely & generously. After all it's a mood enhancer not only for the recipient, but also for me.

• I have learnt not to bother about a crease or a spot on my shirt. After all, personality speaks louder than appearances.

• I walk away from people who don't value me. After all, they might not know my worth, but I do.

• I remain cool when someone plays dirty politics to outrun me in the rat race. After all, I am not a rat & neither am I in any race.

• I am learning not to be embarrassed by my emotions. After all, it's my emotions that make me human.

• I have learnt that it's better to drop the ego than to break a relationship. After all, my ego will keep me aloof whereas with relationships I will never be alone.

• I have learnt to live each day as if it's the last. After all, it might be the last.

MOST IMPORTANT : • I am doing what makes me happy. After all, I am responsible for my happiness, and I owe it to me.

**- Kumar Dand,** Tera - Bhandup

## અગ્યારમી પુણ્યતિથિએ સ્મૃતિવંદના...



જન્મ
તા.૧૫.૦૮.૧૯૪૨

અરિહંતશરણ
તા.૧૯.૧૨.૨૦૦૯

## સ્વ. સૌ. તારાબેન કુંવરજી દંડ

(ગામ: સેવક ભરૂડિયા, મુલુંડ)

## બીજી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ...



જન્મ
તા.૧૯.૧૧.૧૯૬૨

અરિહંતશરણ
તા.૧૦.૧.૨૦૧૯

## શ્રી મનોજ કુંવરજી દંડ

(ગામ: સેવક ભરૂડિયા, મુલુંડ)

**ભુલ્યા નથી તમને, ભુલીશું નહી તમોને, ભુલી જવાય જગ ભલે, તમે ભુલાશો નહી...**

પ્રેમાળ હતી મૂરત આપની,
નેહ ભરેલ હતાં નયન,
ધર્મ તણી શ્રધ્ધા બળવાન,
સર્વ જીવો પ્રત્યે કરૂણાવાન,
સંબધોની એવી સાચવી ગરિમા,
આત્મીય ગુણો તણાં ધનવાન,
હવે નથી રહ્યો આપનો સાથ,
અમારી સ્મૃતિમાં નહિ વિસરાય આપની યાદ...

સજ્જનતા આપની સુવાસ હતી,
પ્રસન્નતા આપનું જીવન,
પરોપકાર આપનું રટણ હતું,
સત્કાર્યો આપની શોભા, પરંતુ...
અવિસ્મરણીય આપની ઓળખ છે...
આપના સદ્ગુણો રહેશે સદા અમારી પ્રેરણા...
કર્મોના સથવારે કર્યુ પ્રયાણ,
રહેશો સ્મરણપટમાં સદાય યાદ...

આપના ઉપકારોના અમે ચૂકવી શકીએ ના મૂલ,
અર્પણ કરીએ આપના ચરણોમાં અશ્રુભીની આંખે સ્મૃતિનાં ફૂલ...
પ્રભુ આપના પુનિત આત્માને પરમશાંતિ અર્પે એ જ અભ્યર્થના સહ...

### હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો :

પતિ : શ્રી કુંવરજી ખીમજી દંડ
સાસુ-સસરા : સ્વ. દેવાબાઇ ખીમજી લધાભાઇ દંડ (સેવક ભરૂડિયા)
માતા-પિતા : સ્વ. ડેકાબાઇ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી)
પુત્ર : સ્વ. મનોજ કુંવરજી દંડ
પુત્રવધુ : શ્રીમતી કલ્પના મનોજ કુંવરજી દંડ
પુત્રી-જમાઇ : અ. સૌ. મીતા હિતેશ હિંમતલાલ લોડાયા(મોટી ખાવડી)
: અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા (રંગપુર)
પૌત્રી-જમાઇ : અ. સૌ. ઉન્નતિ જિનેશ ભરતભાઇ ધુલ્લા (સે. ભરૂડિયા)
: અ. સૌ. સ્તુતિ અમન ધીરેનભાઇ ગડા (સાભરાઇ)
પૌત્રી : ચિ. પલક
દોહિત્રી-દોહિત્રા : ચિ. સૃષ્ટિ, ચિ. યતીશ, ચિ. સંયમ

પત્ની : શ્રીમતી કલ્પના મનોજ કુંવરજી દંડ
માતા-પિતા : સ્વ. સૌ. તારાબેન અને શ્રી કુંવરજી ખીમજી દંડ
સાસુ-સસરા : સ્વ. સૌ. ધનલક્ષ્મીબેન અને
: શ્રી વિશનજી ગાંગજી લાપસિયા (દલતુંગી)
પુત્રી-જમાઇ : અ. સૌ. ઉન્નતિ જિનેશ ભરતભાઇ ધુલ્લા (સે. ભરૂડિયા)
પુત્રીજમાઇ : અ. સૌ. સ્તુતિ અમન ધીરેનભાઇ ગડા (સાભરાઇ)
પુત્રી : ચિ. પલક
બહેન-બનેવી : અ. સૌ. મીતા હિતેશ હિંમતલાલ લોડાયા (મોટી ખાવડી)
: અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા (રંગપુર)
ભાણેજ-ભાણેજી : ચિ. સૃષ્ટિ, ચિ. યતીશ, ચિ. સંયમ

**CDO Prakash Samiksha** R.N.I. No. MAHBIL/2020/79181 **Date of Publication : 5th & 20th of every month**
Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રી પારોલા કચ્છી દશા ઓશવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - પારોલા



અચલગચ્છ નાયક, સાહિત્ય દિવાકર
**પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** ને
જન્મ ના 68 માં વર્ષ પ્રવેશે હેત પ્રિતે શુભેચ્છા સહ વંદન

68

નમો ગચ્છનાયકમ્
નમો સૂરીશ્વરમ્

કલાપ્રભસૂરીશ્વરમ્
નમો ગચ્છેશ્વરમ્...

માગસર વદ ૨ ના 67 વર્ષ પૂર્ણ કરી 68 માં વર્ષે પ્રવેશ નો રૂડો અવસર,
આપના કરકમલો થી ઉત્તરોતર, શાસન કાર્યો થાય સદા સર,
ગચ્છ ઉન્નતિ થાય જબ્બર, સકલ સંઘો આપની દ્રષ્ટિથી
સદૈવ થાય તરબતર...
સ્વસ્થ રહે તન, પ્રસન્ન રહે મન, સ્વીકાર્ય બને સદા વચન,
આપની હિતશિક્ષા જિનવાણીથી અનેકોના ધન્ય બને જીવન...
પરભાવોથી રહીએ પર, આપજો આશિષ ઓ સૂરિવર !!!

**શ્રી પારોલા કચ્છી દશા ઓશવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - પારોલા વતી**
**કારોબારી કમિટી તથા ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર**

## ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ



**જવેરચંદ રાયચંદ ભેદા** (વારાપધ્ધર-મુલુંડ)

ખુશી બીજાને આપી પોતે ખુશ રહેતા, ચુપચાપ રહીને એ સહુના કામ કરતા.
ન ગુસ્સો, ન નારાજગી જેને ક્યારે કરતા જોયા,
બસ પ્યાર અને પોતાપણું નો અહેસાસ કરાવતા.
મજબૂત નીંવ જે ઘરની હતા બસ જોડવા જ જેને આવડતું,
તોડીને સહુના હ્રદય હવે સદા ને માટે ચુપ થઈ ગયા,
મુસ્કાન સદાય જેના મુખ પર રહેતી, બધાને રડાવીને ચાલ્યા ગયા.
પણ જે જગ્યા આપે સહુના હ્રદયમાં બનાવી છે.
એટલે સહુના હ્રદયમાં આપ રહેવાના...
લી. **ભેદા પરિવાર**

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>**C/o. Madhu Entertainment & Media Ltd.,**<br>A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**